Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)

Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક


Year: 7, Issue:38 Dt.26-11-2021 (Friday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001

# આજે ઐતિહાસિક સંવિધાન દિનઃ બંધારણ ઘડવૈયાઓને રાષ્ટ્રના વંદન

## પારિવારિક પક્ષો લોકશાહી માટેનું સૌથી મોટું સંકટઃ નરેન્દ્ર મોદી; સંસદના સેન્ટ્રલ હોલમાં યોજાયેલા ખાસ કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાનની હાજરી








(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૬

દેશભરમાં આજે ૭૧ મો સંવિધાન દિવસ મનાવવામાં આવી રહ્યો છે. આ પ્રસંગે સંસદનાં સેન્ટ્રલ હોલમાં યોજાયેલા ખાસ કાર્યક્રમમાં બંધારણના ઘડવૈયા મહાનુભાવોને ભાવવંદન કરવામાં આવ્યો હતો અને આઝાદી જંગમાં બલિદાન આપનારા લાખો અનામી આઝાદી વીરોને ભાવ પૂર્વક શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ખાસ વકતવ્ય આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક જ પરિવાર દ્વારા ચલાવવામાં આવતા રાજકીય પક્ષોને લોકશાહી સામેનું સૌથી મોટું સંકટ ગણાવ્યા હતા.

સંસદમાં આ કાર્યક્રમમાં વડાપ્રધાને એમના પ્રવચનના પ્રારંભે બંધારણનાં ઘડવૈયા દુરંદેશી મહાનુભાવોને વંદન કર્યું હતું. વડાપ્રધાને જણાવ્યું હતું કે, આજનો દિવસ બાબાસાહેબ આંબેડકર અને ડો.રાજેન્દ્ર પ્રસાદ વગેરેને નમન કરવાનો દિવસ છે. આઝાદીના જંગમાં બલિદાન આપનારા આઝાદીવીરોને હું નમન કરું છું. આ તકે તેમણે દેશપર થયેલા ૨૬/૧૧ નાં હુમલાને યાદ કર્યો હતો અને જણાવ્યું હતું કે, ૨૬/૧૧ નો હુમલો આપણા માટે દુ:ખદ દિવસ છે. દેશના દુશ્મનોએ દેશની અંદર આવીને આતંકવાદી ઘટનાને અંજામ આપ્યો હતો. દેશના સામાન્ય નાગરિકની સુરક્ષાની

### દેશના બંધારણને આધુનિક ગીતા સમાન ગણાવતા સ્પીકર ઓમ બિરલા; કોંગ્રેસ સહિતનાં ૪૦ થી વધુ પક્ષોએ કાર્યક્રમનો બહિષ્કાર કર્યો

જવાબદારી હેઠળ આપણા ઘણા બહાદુર સૈનિકોએ આતંકવાદીઓ સામે લડતા-લડતા જાનફેસાની કરી છે. એ તમામને હું નમન કરું છું. આજે સંસદગૃહને વંદન કરવાનો દિવસ છે.

વડાપ્રધાને દર્શાવ્યું હતું કે, આપણા સંવિધાનમાં દેશના હિતને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે. એટલે બંધારણની ભાવનાને ચોટ પહોંચતી હોય તો તેની અવગણના કરી શકાય નહીં. તેમણે કોંગ્રેસનું નામ લીધા વિના આકરા પ્રહારો કર્યા હતા અને જણાવ્યું હતું કે, આજે તો રાજકીય પક્ષો પરિવાર માટે ચલાવવામાં આવી રહ્યા છે. બંધારણ ઘડવૈયાઓએ આપેલી દેશ પ્રથમની રાજનીતિને બદલે પારિવારિક પક્ષો એટલા આગળ વધી ગયા છે કે દેશનું હિત પાછળ રહી ગયું છે. તેમણે કહ્યું હતું કે આજે તો સંવિધાન દિવસનો પણ વિરોધ કરવામાં આવી રહ્યો છે.વડાપ્રધાન મોદીએ વિરોધ પક્ષો પર ભારે પ્રહારો કરતા જણાવ્યું હતું કે આજે અનેક પક્ષો લોકતંત્રનું ચારિત્ર્ય ખોઈ બેઠા છે.જે પક્ષનું રાજકીય ચારિત્ર્ય જ ન હોય એ દેશની રક્ષા કઈ રીતે કરી શકે.

(અનુ.પાના નં.૪ ઉપર)

## આજે ૨૬/૧૧; દેશ કદી આ દિવસ નહીં ભુલે



રાજકોટ: આજે ૨૬ નવેમ્બર છે અને સમગ્ર દેશ માટે કદી ન ભુલાય એવી પિડા, વેદના અને યાતનાના હદય પર ચાસ કરી જનાર આ કમભાગી દિવસ દેશવાસીઓ કદી નહીં ભુલે. આજના દિવસે દરીયા માર્ગે બોટમાં બેસીને ઘુસી આવેલા પાકિસ્તાન પ્રેરીત આતંકવાદીઓએ દેશના આર્થીક મહાનગર મુંબઇને લોહીલુહાણ કરી નાખ્યું હતું. દેશની પ્રતિષ્ઠા સમાન તાજ હોટેલ જેવા મહત્વના સ્થાનમાં ઘુસી ગયેલા આતંકવાદીઓએ બેફામ ગોળી વર્ષા કરીને સેકડો નિર્દોષ નાગરિકોની જાન લઇ લીધી હતી. એ ઘટનાને ૧૩ વર્ષ પુરા થયા છે. શહેરીજનોની સ્મૃતિમાંથી કડવી યાદો દુર થતી નથી. આજના દિવસે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સરક્ષણમંત્રી રાજનાથસિંઘ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ત્રાસવાદી હુમલામાં મોતને ભેટનાર શહીદ નાગરીકો અને જવાનોને હદયપુર્વક શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. સંસદમાં પણ શહીદોને અંજલી આપવામાં આવી હતી.

## કિસાન આંદોલનને આજે એક વર્ષ પૂર્ણઃ દિલ્હી બોર્ડર પર ભારે શકિત પ્રદર્શન, જંગી સુરક્ષા કાફલો તૈનાત કરાયો





(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૬

નવા કૃષિ કાયદાની વિરુધ્ધમાં દિલ્હીની સરહદો પર શરૂ કરવામાં આવેલા કિસાન આંદોલનને આજે બરાબર એક વર્ષ પૂરું થયું છે. ત્યારે આજે હજારો ખેડૂતો પંજાબ અને હરિયાણાથી શક્તિ પ્રદર્શન માટે દિલ્હીની બોર્ડર પર ઠલવાઈ રહ્યા છે. દિલ્હીમાં ટીકરી, સિંઘુ સહિતની દિલ્હીની તમામ બોર્ડર પર કિસાનો શક્તિ પ્રદર્શન કરશે. દિલ્હી પોલીસે જંગી સંખ્યામાં સુરક્ષાદળોને તૈનાત કરી દીધા છે. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સતત નજર રાખવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવા કાયદા પાછા ખેંચી લેવાની જાહેરાત કરી દીધી છે. પરંતુ ખેડૂતો પાછા હટવા તૈયાર થયા નથી. કિસાન નેતા રાકેશ ટિકૈતે અગાઉ સ્પષ્ટતા કરી દીધી હતી કે, સંસદમાં નવા કાયદા રદ કરતો ઠરાવ પસાર થઇ જાય એ પછી ખેડૂતો ઘરે પાછા જશે. ૨૯ ડિસેમ્બરથી સંસદનું શિયાળુ સત્ર શરૂ થઇ રહ્યું છે. ત્યારે ટિકૈતે સંસદભવન સુધી ટ્રેકટર કુચનો કાર્યક્મ પણ જાહેર કર્યો છે. સંસદ સત્ર ચાલુ રહે ત્યાં સુધી દરરોજ ૫૦૦ ખેડૂતો સંસદભવનની સામે ધરણા કરશે.(૨.૧૨)

## ગુજરાતનાં પ્રવાસન ખાતાનો ભગોઃ વીડિયો વાયરલ કર્યો



(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૨૬

ગુજરાતનાં પ્રવાસન વિભાગે જાણતા કે અજાણતા રાજયનાં પ્રવાસન કેન્દ્રો અંગેનો વિડીયો પ્રચાર માટે વાયરલ કર્યો છે પણ એક મોટો છબરડો વાળી દેતા વન્યજીવ નિષ્ણાંતો ભારે ટીકા કરી રહ્યા છે. આ વિડીયો જોઇને તજજ્ઞો

(અનુ.પાના નં.૪ ઉપર)

## દક્ષિણ આફ્રિકામાં કોરોનાનો નવો અવતાર મળતા ખળભળાટઃ ભારતમાં એલર્ટ જાહેર

### આરોગ્ય તંત્રને સાવધ રહેવા સરકારનો આદેશઃ દક્ષિણ આફ્રિકાથી આવતા તમામ મુસાફરોનું સઘન પરીક્ષણ કરવા તાકીદઃ બ્રિટન અને ઈઝરાઈલ દ્વારા દક્ષિણ આફ્રિકાની યાત્રા પર પ્રતિબંધ




(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૬

દક્ષિણ આફ્રિકા અને બોટ્સવાનામાં કોરોના મહામારીનો નવું સંસ્કરણ જોવા મળતા વિશ્વભરમાં ચિંતા પ્રસરી વળી છે. ભારતમાં એલર્ટ જાહેર કરાયું છે. જયારે બ્રિટન અને ઇઝરાયેલ દ્વારા એમના નાગરિકો માટે દક્ષિણ આફ્રિકા પ્રવાસની મનાઈ ફરમાવી દેવામાં આવી છે. ભારતમાં દક્ષિણ આફ્રિકાથી આવતા એકેએક મુસાફરોનું સઘન અને કડક પરીક્ષણ કરવા કેન્દ્ર સરકારે આરોગ્યતંત્ર અને તમામ એરપોર્ટ ઓથોરીટીને આદેશ આપ્યો છે.

નવા કોરોના વેરીયેન્ટનાં કિસ્સા મળતા વિશ્વ આરોગ્ય સંસ્થા WHO ની તાકીદની બેઠક આજે મળી રહી છે. દક્ષિણ આફ્રિકા અને આફ્રિકાખંડમાં કોરોનાનો નવો અવતાર ઝડપથી ચેપ ફેલાવી રહ્યો છે. નવા સંસ્કરણ પર કોરોના રસીની કેવી અસર થાય છે અને નવા સંસ્કરણનાં ફેલાવાને કઈ રીતે અટકાવી શકાય એ અંગે ઈમરજન્સી બેઠકમાં ચર્ચા-વિચારણા કરવામાં આવી રહી છે. કોરોનાનો નવો પ્રકાર ચિંતાજનક છે કે કેમ એ અભ્યાસબાદ નક્કી કરવામાં આવશે. અત્યાર સુધીનાં અભ્યાસમાં એવું જાણવા મળ્યું છે કે, નવું કોવિડ વેરીયેન્ટ પણ અલગ-અલગ રૂપ બદલી રહ્યું છે. જેનાથી સંક્રમણ પ્રસરી રહ્યું છે. દરમ્યાન ભારતે આફ્રિકાના નવા

(અનુ.પાના નં.૪ ઉપર)

# ગુજરાતની પ્રજા અને પર્યાવરણનાં ભોગે ઉદ્યોગોએ કરોડો રૂપિયા ખિસ્સામાં નાખ્યાઃ હાઈકોર્ટ

### સાબરમતી જેવી નદીઓને પ્રદુષિત કરવા બદલ ઉદ્યોગો સામે અદાલતની લાલઆંખઃ ઔદ્યોગિક કેમિકલ યુકત કચરો અને પાણી ઠાલવીને મનપાની ગટર સિસ્ટમને નુકશાન પહોંચાડવા બદલ ઉદ્યોગોને ફટકારતી હાઈકોર્ટઃ વડી અદાલતનાં આકરા વિધાનોથી રાજ્યોની ઔદ્યોગિક આલમમાં ફેલાયો સન્નાટો



(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૨૬

સાબરમતી જેવી મોટી નદીઓમાં ઔદ્યોગિક કચરો, રસાયણ અને દુર્ગંધ યુક્ત પાણીનો મારો ચલાવી નદીઓને પ્રદુષિત કરવા બદલ ગુજરાત હાઈકોર્ટે રાજયનાં ઉદ્યોગોને ભારે ફટકાર લગાવી હતી. હાઈકોર્ટની ખાસ બેન્ચે એવા આકરા વિધાનો કર્યા હતા કે ઔદ્યોગિક કચરો સતત ઠાલવીને મનપાનાં ગટર વ્યવસ્થા, પ્લાન્ટ અને સિસ્ટમને ભારે નુકશાન પહોંચાડવામાં આવ્યું છે. ગુજરાતની પ્રજા અને પર્યાવરણનાં ભોગે અને લોકોના જાનનાં જોખમે ઉદ્યોગો કરોડો રૂપિયા એમના ખિસ્સામાં ઠાલવી રહ્યા છે. જેના પરિણામે સાબરમતી નદીને અકલ્પનીય નુકશાન થયું છે.

ઔદ્યોગિક એકમોનાં ભૂગર્ભ ગટર જોડાણો કાપી નાખવાની ઝુંબેશ અમદાવાદ મનપાએ હાઈકોર્ટનાં આદેશ પછી શરૂ કરી હતી. તેની સામે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. ચેમ્બરે અદાલતમાં એવી ફરિયાદ કરી હતી કે, મનપા તંત્ર ઉદ્યોગિક એકમોની ગટરલાઈન કાપી નાખવાની સાથે-સાથે ઔદ્યોગિક કચરા નિવારણ પ્લાન્ટ સાથે ઉદ્યોગોનાં કનેક્શન પણ કાપી રહી છે. આની સામે જસ્ટીસ જે.બી.પારડીવાલા અને જસ્ટીસ વી.ડી.નાણાવટી ની બેન્ચે સાફ-સાફ કહી દીધું છે કે, અમદાવાદ મનપા ઝુંબેશ ચાલુ રાખશે અને તેમાં ડખલ કરનારા સામે અદાલત દ્વારા કોર્ટ તિરસ્કારની કાર્યવાહી કરવામાં આવશે.

હાઈકોર્ટે સ્પષ્ટ મંતવ્ય વ્યક્ત કર્યું હતું કે પરિસ્થિતિ ખૂબ જ ગંભીર છે. ચેમ્બરે નિષ્ણાંતોની વાત સાંભળી જ હશે. અદાલતમાં નિષ્ણાંતોએ કહ્યું છે કે સાબરમતી નદીનો ૨૦૦ કિ.મી. લાંબો વિસ્તાર પ્રદુષણને કારણે ખતમ થઇ ગયો છે.

આ એવી સ્થિતિ છે જેમાં કોઈ સુધારો થઇ શકે તેમ નથી. તમે કરોડો રૂપિયા બનાવ્યા એ કોના ભોગે બનાવ્યા છે. ગુજરાતની પ્રજા, પર્યાવરણ અને જનતાનાં ભોગે બનાવ્યા છે. પ્રદુષણ વધારી દેવામાં આવ્યું છે. એટલે ઉદ્યોગોને દલીલ નિરર્થક અને બકવાસ છે. બંને જજ એ સ્પષ્ટ કહી દીધું હતું કે તમામ ઔદ્યોગિક એકમોએ તેમનો તમામ ઔદ્યોગિક કચરો ભૂગર્ભ ગટરલાઈનમાં નાખવાને બદલે ઔદ્યોગિક કચરાનાં ટ્રીટમેનટ્ પ્લાન્ટ સુધી પહોંચાડવાના રહેશે.

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક




સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર કલીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

## ભાગલાની પીડાથી છૂટવાનો એક જ ઉપાય, એ રદ થાયઃ મોહન ભાગવત

### દેશના વિભાજનનાં દુઃખ અને દર્દને કદી ભૂલી શકાશે નહીં



(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૬

આરએસએસનાં વડા મોહન ભાગવતે ફરી એકવખત દેશના વિભાજનનો મુદ્દો ઉઠાવ્યો છે અને એવું મંતવ્ય વ્યકત કર્યું છે કે ભાગલાની પીડાથી છુટકારાનો ઉપાય એક જ છે કે ભાગલા રદ થાય. હવે કદી દેશનું વધુ વિભાજન થશે નહીં.

વિભાજન અંગેનાં એક પુસ્તકનું વિમોચન કરતા ભાગવતે જણાવ્યું હતું કે આજનું ભારત ૨૦૨૧ નું ભારત છે અને ૧૯૪૭ નું ભારત નથી. એકવખત ભાગલા પડી

(અનુ.પાના નં.૪ ઉપર)

## દિલ્હીમાં બાંધકામ શ્રમિકોનાં બેંક ખાતામાં રૂ. ૫ હજાર જમા કરાવશે કેજરીવાલ સરકાર

### પ્રદુષણને કારણે બાંધકામ પ્રવૃતિઓ ઠપ્પ થઈ છે



નવી દિલ્હી, તા.૨૬

નવી દિલ્હીમાં વાયુ પ્રદુષણને કારણે બાંધકામ પ્રવૃત્તિઓ પર સુપ્રીમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મૂકી દેવાયો છે. આથી ખૂબ જ સરાહનીય અને માનવતાવાદી પગલું લઈને દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે બાંધકામ શ્રમિકોનાં બેંક ખાતામાં સહાય રૂપે રૂ. ૫ હજાર જમા કરાવવાની જાહેરાત કરી છે. કેજરીવાલે જણાવ્યું હતું કે, મેં તાત્કાલિક ધોરણે બાંધકામદારોનાં ખાતામાં નાણાં જમા કરાવવાનો આદેશ આપી દીધો છે. લઘુતમ વેતન ગુમાવનાર કામદારોને નાણાંકીય વળતર આપવાનું પણ અમે નક્કી કર્યું છે. દિલ્હીનાં પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે જણાવ્યું હતું કે, બાંધકામ પ્રવૃત્તિઓ હાલ બંધ થઇ હોવાથી કામદારોને નાણાંકીય સહાય આપવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. જેથી કરીને હાલ બેકાર શ્રમિકોને કોઈ તકલીફ પડે નહીં.(૨.૧૨)

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




**આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો**

**SUBSCRIBE**
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

## WhatsApp કરો
### તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઇપણ ઘટના કે સમાચારની વિગત

**93276 28571 ઉપર Whats App કરો**

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

## પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

## જાહેરાત માટે સંપર્ક કરો:
## 90333 44426




**આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.**

# સમૃધ્ધ ગણાતુ ગુજરાત ગરીબીમાં ૧૩માં ક્રમે; બિહાર સૌથી વધુ ગરીબ



## નીતિ આયોગનો ચોકાવી દેનારો અહેવાલ: દેશમાં સૌથી સુખી રાજય દક્ષિણનું કેરળ

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી તા. ૨૬

બિહાર બાદ ઝારખંડ જે ત્યાં ૪૨.૧૬ ટકા લોકો ગરીબ છે. ત્રીજા ક્રમે યુપી છે ત્યાં ૩૭.૭૯ ટકા વસ્તી ગરીબ છે. ચોથા ક્રમે મ.પ્રદેશ છે ત્યાં ૩૬.૬૫ ટકા વસ્તી ગરીબ છે. કેરળ આ મામલે સૌથી સારૃ છે ત્યાં માત્ર ૦.૭૧ ટકા લોકો જ ગરીબ છે. જ્યારે ગુજરાતમાં ૧૮ ટકા લોકો ગરીબ છે. સૌથી વધુ ડાંગમાં છે. દેશના સૌ પ્રથમ મલ્ટીડાયમેન્શન પ્રોવર્ટી ઇન્ડેક્ષને નીતિ આયોગે જારી કરેલ છે. જે અંતર્ગત બિહાર દેશનું સૌથી ગરીબ રાજ્ય છે. ત્યાંની ૫૧.૯૧ ટકા વસ્તી ગરીબ છે.

નીતિ આયોગે નેશનલ મલ્ટીડાયમેન્શન પોવર્ટી ઇન્ડેકસ (MPI) એટલે કે રાષ્ટ્રીય બહુપરિમાણીય ગરીબી સૂચકાંક જાહેર કર્યો છે જે મુજબ ગુજરાતમાં કુલ વસ્તીના ૧૮.૬૦ ટકા એટલે કે ૧.૧૨ કરોડ લોકો ગરીબ છે. મહારાષ્ટ્ર, તમિલનાડુ, કર્ણાટક તથા જમ્મુ-કાશ્મીર જેવાં રાજયો કરતાં પણ ગુજરાતમાં ગરીબીનું પ્રમાણ વધારે છે. નીતિ આયોગના ઇન્ડેકસ મુજબ બિહાર દેશમાં સૌથી ગરીબ રાજય છે જયાં કુલ ૫૧.૯૧ ટકા વસ્તી ગરીબ છે. બીજા ક્રમે ઝારખંડ છે જયાં ૪૧.૧૬ ટકા લોકો ગરીબ છે. ગુજરાતમાં સૌથી વધુ ગરીબી ડાંગ જિલ્લામાં છે.

બીજા ક્રમે દાહોદ છે. જયારે અમદાવાદ જિલ્લામાં સૌથી ઓછી ગરીબી છે. આ ઇન્ડેકસ તૈયાર કરવા માટે લોકોના આરોગ્ય, શિક્ષણ અને જીવન ધોરણના સ્તરનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. આ સૂચકાંક પ્રમાણે ગુજરાત ૧૩માં સ્થાને છે જયારે બિહાર દેશનું સૌથી ગરીબ રાજય છે જયાં ૫૧.૯૧% વસ્તી ગરીબ છે. બીજા સ્થાને ઝારખંડ ૪૨.૧૬ ટકા, ત્રીજા સ્થાને ઉત્તર પ્રદેશ ૩૭.૭૯ ટકા, ચોથા સ્થાને મધ્ય પ્રદેશ ૩૬.૬૫ ટકા, પાંચમા સ્થાને મેઘાલય જયાં ૩૨.૬૭ ટકા લોકો ગરીબ છે.

રાજયમાં ૧૪.૭૭ ટકા એટલે કે ૮૯.૧૮ લાખ એવા પરિવાર હતા જયાં ગર્ભવતી મહિલાઓએ એકવાર પણ જાહેર આરોગ્ય કેન્દ્ર ખાતે ઉપચાર કે રસી નથી લીધી. ૪૧.૩૭ ટકા એટલે કે ૨.૪૯ કરોડ પરિવાર એવા છે જેમને પોષણક્ષમ ખોરાક પણ ઉપલબ્ધ નથી. છેલ્લા પાંચ વર્ષમાં રાજયની કુલ વસ્તીના ૨.૨૧ ટકા લોકો એવા હતા જેમના મૃત્યુ ૧૮ વર્ષથી ઓછી ઉંમરમાં થયા હતા.

ગુજરાત દેશનું સૌથી સમૃધ્ધ રાજયમાં એક ગણાય છે તેમ છતાં અહી કુલ વસ્તીની ત્રીજા ભાગની વસ્તી ગરીબી રેખા નીચે જીવન જીવી રહી છે. ગુજરાત વિકાસ મોડલ નામનો તો તમે ખૂબ સાંભળ્યુ હશે પણ કેટલો વિકાસ થયો છે તે આ આંકડાઓ કંઇક હદ સુધી બતાવે છે. રાજયમાં ગરીબીનું પ્રમાણ જમ્મુ-કાશ્મીર, તમિલનાડુ, કર્ણાટક તથા મહારાષ્ટ્ર જેવાં રાજયો કરતાં પણ વધારે છે. નીતિ આયોગનાં ઇન્ડેકસ મુજબ બિહાર દેશમાં સૌથી ગરીબ રાજય છે જયાં કુલ ૫૧.૯૧ ટકા વસ્તી ગરીબ છે. બીજા ક્રમે ઝારખંડ છે જયાં ૪૧.૧૬ ટકા લોકો ગરીબ છે. વળી રાજયમાં ૧૮.૬૦ ટકા લોકો ગરીબી હોવાનુ કારણ છે. ગુજરાતમાં સૌથી વધુ ગરીબી ડાંગ જિલ્લામાં છે. આ ઇન્ડેકસ મુજબ રાજયમાં ૨.૪૯ કરોડ લોકો પૌષ્ટિક આહારથી વંચિત છે. છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાં વધુ ૬,૦૫૧ પરિવારોનો BPL પરિવારમાં ઉમેરો થયો છે.

છેલ્લા ૫ વર્ષની જો વાત કરવામાં આવે તો ૨.૨૧ ટકા લોકો એવા હતા જેમના મૃત્યુ ૧૮ વર્ષથી ઓછી ઉંમરે થયા હતા. ઉપરાંત ૩૧.૩૯ લાખ લોકો એવા છે એક વાર પણ શાળાએ પણ નથી ગયા.

ઉલ્લેખનીય છે કે નીતિ આોગના રિપોર્ટ અનુસાર ભારતનું સૌથી ગરીબ રાજય બિહાર છે. જયારે તેના પછી ઝારખંડ આવે છે. બિહારમાં કુલ ૫૧.૨૯ ટકા લોકો ગરીબ છે કે એટલે કે બિહારની અડધા કરતા પણ વધારે વસ્તી ગરીબી રેખા નીચે જીવી રહી છે. જયારે ઝારખંડમાં ૪૧.૨૬ ટકા લોકો ગરીબી રેખા નીચે જીવી રહ્યા છે ખરેખરમાં મૌટો આંકડો છે.(૯)

**આને કહેવાય ખાળે ડૂચા દરવાજા મોકળા**

## રાષ્ટ્રપતિની કાનપુર યાત્રાની સુરક્ષાનો આખો પ્લાન લીક!!

### વોટ્સએપ પર બેદી રીતે વિગતો આવતા તપાસનો આદેશ

**(એજન્સી સમાચાર)**

કાનપુર, તા.૨૬

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની બે દિવસીય કાનપુર યાત્રા માટે ગોઠવાયેલી સુરક્ષા તૈયારીઓની વિગતો રહસ્યમય રીતે વોટ્સએપ પર લીક થઇ જતા તપાસનો આદેશ આપવામાં આવ્યો છે.

કાનપુરનાં પોલીસ કમિશનર અસીમ અરુણે માહિતી આપી હતી કે કેટલાક વોટ્સએપ ગ્રુપમાં રાષ્ટ્રપતિનું સુરક્ષાનાં આયોજન, કેટલા દળો ક્યાં સ્થળે ગોઠવાશે અને અન્ય પ્રોટોકોલની વિગતો મૂકી દેવામાં આવી હતી. સુરક્ષાનું આખું આયોજન માત્ર સિનીયર અધિકારીઓને ખબર હોય છે. છતાં વિગતો ફૂટી ગઈ હતી. આ અંગે અધિક ડેપ્યુટી પોલીસ કમિશનર રાહુલ મીઠાસને ઊંડી તપાસ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે અને વોટ્સએપ ગ્રુપ કોનું છે. તેમના નામ જાણી કાર્યવાહી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

બુધ અને ગુરૂવારે રાષ્ટ્રપતિએ કાનપુરની મુલાકાત લીધી હતી પણ તમામ કાર્યક્રમ સહીસલામત પુરા થઇ ગતા સુરક્ષા અધિકારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.(૨.૧૨)

## પ્રારંભે જ શેરબજારમાં ૧૦૦૦ પોઈન્ટનું ગાબડુ: ટારસન્સનું ૫ ટકા પ્રીમીયમ પર ૭૦૦ના ભાવે લીસ્ટીંગ: NSE પર રૂ. ૬૮૨ ના ભાવે લીસ્ટ થયો: ઈસ્યુ પ્રાઈસ ૬૩૫ થી ૬૬૨ હતી: શેરબજારમાં પ્રારંભે જ ૧૦૦૦ પોઈન્ટનું ગાબડુ પડયું હતું.



## ૨૪ કલાકમાં ૧૦,૫૪૯ નવા કોરોનાના કેસ: ૪૮૮ લોકોના મોત, ૯,૮૬૮ લોકો કોરોનાથી સાજા થયા



## 'સૌરાષ્ટ્ર ક્રાંતી'ના પત્રકાર પરાગ ઝાટિયાના ચિ. હિના સાથે શુભલગ્ન





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ: 'સૌરાષ્ટ્ર ક્રાંતી'ના પત્રકાર અને જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના સુમરા ગામના રહેવાસી ચુંદભાઈ હીરાભાઈ ઝાટિયા અને અ.સૌ. લાભુબેન ઝાટિયાનાં સુપુત્ર ચિ.પરાગ શુભલગ્ન જામનગર જિલ્લાના ગામ હાપા નિવાસી અ.સૌ.લાભુબેન તથા રમેશભાઈ જીવાભાઈ બટારિયાની સુપુત્રી ચિ. હિના સાથે તા. ૨૮ ને રવિવારે શુભ મુહૂર્ત નિધારેલ છે.

તા. ૨૬ ને શુક્રવારે સાંજે ૮ કલાકે સાંજીના ગીત, તા. ૨૭ ને શનિવારે સવારે ૮ કલાકે મંડપ રોપાણ, બપોરે ૧૨:૩૦ કલાકે ભોજન સમારંભ, રાત્રે ૮ કલાકે ફુલેકુ, તા. ૨૮ ને રવિવારે સવારે ૫:૪૫ કલાકે જાન પ્રયાણ અને સવારે ૧૦:૩૦ કલાકે હસ્ત મેળાપ થશે.

આમંત્રિતોને ઉપસ્થિત રહેવા હિરાભાઈ ભવાનભાઈ ઝાટિયા, ચંદુભાઈ હિરાભાઈ ઝાટિયા, વિનોદભાઈ હિરાભાઈ ઝાટિયા, ઉદય, મેહુલ, હર્ષિત, મિત, અર્જુન, નયન, પાર્થ, કું. મિતલ, કું. અપેક્ષા, કું. નેન્સી તથા ઝાટિયા પરિવારજનો દ્વારા આમંત્રણ પાઠવ્યું છે.

## મકાનમાં દારૂની ૬૦ બોટલ સાથે શખ્સ ઝડપાયો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ, તા., ૨૬

રામેશ્વર સોસાયટીમાં ક્રાઇમ બ્રાંચની ટીમે બાતમીના આધારે મકાનમાં દરોડો પાડી દારૂની ૬૦ બોટલ સાથે એક શખ્સને પકડી લીધો હતો.

મળતી વિગત મુજબ કુવાડવા રોડ પર મામાવાડી પાસે રામેશ્વર સોસાયટીમાં એક મકાનમાં દારૂનો જથ્થો પડયો હોવાની ક્રાઇમ બ્રાંચના કોન્સ. પુષ્પરાજસિંહ જાડેજા તથા ધર્મેન્દ્રસિંહ ઝાલાને બાતમી મળતા રામેશ્વર સોસાયટી ટાવરવાળી શેરીમાં આવેલા મકાનમાં દરોડો પાડી રૂ. ૨૪,૬૧૫ની કિંમતની દારૂની ૬૦ બોટલ સાથે સુરેશ દોલુભાઇ વિક્રમા (ઉ.વ.૩૫) (રહે. રંગીલા મેઇન રોડ મામાવાડીની સામે રામેશ્વર સોસાયટી)ને પકડી લીધો હતો.

આ કામગીરી પીઆઇ વી.કે.ગઢવીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એમ.વી.રબારી, એ.એસ.આઇ. હરદેવસિંહ જાડેજા, કોન્સ. એભલ બરાલીયા, પુષ્પરાજસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, અશોકભાઇ ડાંગર તથા સોકતભાઇ ખોરમ દ્વારા કરવામાં આવી છે.

## પતિએ લાફો મારતા પત્નીએ ઝેર પીધું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ તા. ૨૬

લોધિકાના પાળ ગામે રહેતી જેતા આબ્બુ માવી (ઉ.વ.૩૦) નામની પરિણીતા ઝેરી દવા પી જતાં ગંભીર હાલતમાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં ચોકીના સ્ટાફે લોધિકા પોલીસને જાણ કરી હતી. પતિ-પત્ની મુળ મધ્યપ્રદેશના છે અને અહિ રણછોડભાઇની વાડીમાં રહી મજૂરી કરે છે. પતિએ દારૂ પી ઝઘડો કરી જેતાને લાફો મારી દેતાં તેને માઠુ લાગતાં તે ઝેર પી ગયાનું જણાવાયું હતું. જેતાના લગ્ન ત્રણ વર્ષ પહેલા થયા છે.

## મહારાષ્ટ્રથી ટમેટાની આવક શરૂ થતા ભાવમાં ઘટાડો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

હાલમાં મહારાષ્ટ્રથી આવતા ટમેટાંની આવક શરૂ થઇ ગઇ છે. હોલસેલમાં ટમેટાં રૂ.૫૦ના ભાવે મળે છે તેનો ભાવ રિટેઈલમાં રૂ.૮૦થી ૧૦૦ના કિલો સુધી વેચાય છે. હાલ યાર્ડમાં દૈનિક ૧૫ ટ્રક ભરાઈને ટમેટાંની આવક થઈ રહી છે. એક અંદાજ મુજબ ૧.૫૦ લાખ કિલો ટમેટાંનું વેચાણ રાજકોટમાં થઈ રહ્યું છે.

વ્યવસ્થાના ભાગ રૂપે હાલ દરેક શાકભાજીની ઉતારાઈ અલગ-અલગ સ્થળે કરવામાં આવી રહી છે. જેમાં ટમેટાં માટે ખાસ પ્લેટફોર્મ ફાળવવામાં આવ્યું છે. અત્યારે રાજકોટમાં મહારાષ્ટ્રના નાસિક, સંગેમરમરથી ટમેટાંની આવક થઈ રહી છે. સામાન્ય રીતે આ સમયમાં સ્થાનિક આવક હોય છે. તેમજ બનાસકાંઠા, સાબરકાંઠાથી આવક થતી હોય છે, પરંતુ આ વખતે ભારે વરસાદને કારણે પાક નિષ્ફળ ગયો છે એટલે ત્યાંથી આવતા ટમેટાંનું પ્રમાણ હાલમાં ઓછું છે. ભારે વરસાદને કારણે અન્ય રાજયોમાં ટમેટાંનો પાક નિષ્ફળ જતા યાર્ડમાં થતી આવક પર તેની અસર પડી છે.

## કારનું ટાયર ફાંટતા ભાંડો ફુંટયો, દારૂ મળ્યો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

બુધવારે રાતે સાડા આઠ વાગ્યાના અરસામાં જામનગર રોડ પર બજરંગવાડી પોલીસ ચોકી પાસેથી પસાર થયેલી કારનું ટાયર ફાટતાં જોરદાર ધડાકો થયો હતો. રોડ પર ધડાકો થતાં જ પોલીસ ચોકીમાં બેઠેલા પોલીસ કર્મચારીઓ કાર પાસે દોડી ગયા હતા.

પોલીસ કર્મી કારની નજીક જતા અંદર વિદેશી દારૂની એક બોટલ મળી આવતા ત્રણેય યુવાનને પોલીસ ચોકી લઇ જવાયા હતા.

પૂછપરછમાં રૈયાધાર ઇન્દિરાનગરમાં રહેતો અરવિંદ ઉર્ફે ડબરો રાજુ મૂછડિયા, પ્રકાશ ડાયા જાદવ અને વાંકાનેર સોસાયટી-૫માં રહેતો કલ્પેશ નાથા બાલાસરા હોવાનું જણાવ્યું હતું. દારૂની બોટલ અંગે પૂછતા ત્રણેય મિત્રો પાર્ટી કરવા જઇ રહ્યાં હોવાની કેફિયત આપી હતી. પોલીસે ત્રણેય સામે ગુનો નોંધી ત્રણેયની ધરપકડ કરી છે.

**છ આત્માઓની રાષ્ટ્રસંતના સાંનિધ્યે દીક્ષા આજ્ઞા અર્પણ વિધિ યોજાઈ**

# પ્રભુને વિનંતી કરીએ, જયાં સુધી મારો મોક્ષ ન થાય ત્યાં સુધી, મારો સંસાર વધારનારા નહીં પણ મને સંસારથી તારનાર પરિવાર મળજો : પૂ. નમ્રમુનિ મ.સા.



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

પ્રભુ પંથને પામવાના હૃદયમાંથી ઉદભવતા છ - છ આત્માઓના તલસાટના તરંગોની સ્પર્શનાએ, એકસાથે ૪૯ સંયમી આત્માઓની આશીવર્ષાના પાવન છાંટણાં એ, ચતુર્વિધ સંઘની અહોભાવભીની અભિવંદના અને પ્રત્યક્ષ તેમજ લાઈવના માધ્યમથી જોડાયેલાં દેશ-પરદેશના હજારો ભાવિકોની અંતર અનુમોદનાની સાક્ષીએ રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબના ચરણ શરણમાં છ-છ મુમુક્ષુ આત્માઓના આ દીક્ષા અર્પણ વિધિનો ઉજવાયેલો અવસર અનેક આત્માઓની હૃદયધરા પર સંયમના બીજનું વાવેતર કરી ગયો.

સ્વજન, પરિવાર અને સમગ્ર સંસારને વર્જ્ય કરીને ગુરુ શરણમાં પ્રવ્રજ્યા અંગીકાર કરવા તત્પર બનેલાં કોલકાતા નિવાસી મુમુક્ષુ જિનલબેન આશિતભાઈ શેઠ, મુંબઈ નિવાસી મુમુક્ષુ દેવાંશીબેન દિલેશભાઈ ભાયાણી, આકોલા નિવાસી મુમુક્ષુ પ્રિયંકાબેન બકુલભાઈ પારેખ, રાજકોટ નિવાસી મુમુક્ષુ નિધીબેન નિતીનભાઈ શાહ, આકોલા નિવાસી મુમુક્ષુ નિશાબેન મનિષભાઈ દોશી તેમજ મુમુક્ષુ ભવ્યભાઈ મનિષભાઈ દોશીની સંયમ અનુજ્ઞા અર્પણ વિધિના પરમધામનાં પ્રાગણે આયોજિત આ અવસર ગોંડલ સંપ્રદાયના ભવ્ય ઇતિહાસને પુનરાવર્તિત કરી ગયો હતો, જ્યારે આજથી ૧૫૦ વર્ષ પહેલાં ગોંડલ સંપ્રદાય સંસ્થાપક આચાર્યદેવ પૂજ્ય ડુંગરસિંહજી મહારાજ સાહેબે પોતાની માતા સહિત પરિવારના પાંચ સભ્યો સાથે દીક્ષા અંગિકાર કરી હતી, તેમનાં પગલે પગલે ૧૫૦ વર્ષ બાદ રાષ્ટ્રસંત પરમ ગુરુદેવના સંસારી પરિવારમાંથી છઠ્ઠા આત્માને આ અવસરે સંયમ ગ્રહણની આજ્ઞા અર્પણ કરવામાં આવી હતી. ઉલ્લેખનિય છે કે, રાષ્ટ્રસંત પરમ ગુરુદેવનાં પગલે પગલે એમના સંસારપક્ષે માતુશ્રી પૂજય પ્રબોધિકાબાઈ મહાસતીજી, ભત્રીજી પૂજ્ય પરમ વિભૂતિજી મહાસતીજી, ભાણેજી પૂજ્ય પરમ આરાધ્યાજી મહાસતીજી, ભત્રીજી પૂજ્ય પરમ આત્મિયાજી મહાસતીજી, જયારે સંયમની સાધના સાથે શાસનને ગૌરવ બક્ષી રહ્યાં છે ત્યારે ફરીને આ પરિવારમાંથી પરમ ગુરુદેવના ભત્રીજી મુમુક્ષુ દેવાંશીબેન દિલેશભાઈ ભાયાણી સંયમ પંથે પ્રયાણ કરવા તત્પર બન્યાં છે.

એ સાથે જ ગોંડલ સંપ્રદાય સંસ્થાપક આચાર્યદેવ પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજની જેમ ગોંડલ સંપ્રદાયમાં મુમુક્ષુ નિશાબેન દોશી તેમજ મુમુક્ષુ ભવ્યભાઈ દોશી માતા-પુત્ર એકસાથે સંયમ પંથે પ્રયાણ કરીને સંપ્રદાયનું ગૌરવ વધારશે, જેમની દીકરી પણ આજે પૂજ્ય પરમ ઋષિતાજી મહાસતીજી છ વર્ષથી સંયમની સાધના સાથે મોક્ષ માર્ગે આગળ વધી રહ્યા છે. આમ આખો પરિવાર સંયમના સાજ સજી રહ્યો છે ત્યારે આકોલાના મુમુક્ષુ પ્રિયંકાબેન પારેખના સંસારી બેન પૂજ્ય પરમ સમ્યક્તાજી મહાસતીજી પણ ચાર-ચાર વર્ષથી સંયમી બનીને મોક્ષમાર્ગની આરાધના કરી રહ્યાં છે.

આ અવસરે સંસાર પ્રત્યેની ક્ષણ-ક્ષણની અકળામણ અને સંયમ અંગીકાર પ્રત્યેની તાલાવેલીના અંતરના ઉત્કૃષ્ટ ભાવોની મુમુક્ષુ આત્માઓએ હૃદયસ્પર્શી શબ્દોમાં કરેલી અભિવ્યક્તિ ઉપસ્થિત દરેકને અંજલીબદ્ધ બનાવીને નતમસ્તક કરી ગઈ હતી. પરમધામના અણુમાં હર્ષ-હર્ષ અને જયકારનો ઘોષ ગુંજી ઉઠયો હતો જયારે આ અવસરે પરમ ગુરુદેવના બ્રહ્મનાદે પ્રગટતા દિવ્ય મંત્રોચ્ચારની સાથે મુમુક્ષુઓના માતા-પિતા અને સ્વજનોએ મુમુક્ષુઓની દિક્ષા આજ્ઞા પત્ર પર હૃદયના સ્વીકારભાવ સાથે મંજૂરીના હસ્તાક્ષર કરીને અત્યંત અહોભાવપૂર્વક પરમ ગુરુદેવના હસ્તકમલમાં દીક્ષા આજ્ઞા પત્ર અર્પણ કરીને સંતાનોના કલ્યાણ માર્ગની સંમતિ આપી હતી.મુમુક્ષુઓના સંયમ જીવનની ખેવનાના ભાવ સાથે આજીવન એમના ધર્મ માતા-પિતા સ્વરૂપે હિનાબેન ભાવેશભાઈ દામાણી-કોલકાતા, સ્નેહાબેન હિતેનભાઈ મહેતા-રાજકોટ, બંસીબેન ચિંતનભાઈ બરવાળિયા-મુંબઈ, અમીબેન અતુલભાઈ કામદાર-કોલકાતા, મિતાલીબેન તેજસભાઈ ચૌધરી-રાજકોટ, ધર્મ સ્વજન- હર્ષાબેન ભુપેન્દ્રભાઇ મોદી તેમજ મીનાબેન નરેન્દ્રભાઇ દોશી-રાજકોટ અમૂલ્ય લાભ લઈ ધન્ય બન્યા છે.(૧.૧૧)


## તંત્રી સ્થાનેથી...

# મહાનગરોની દશા-દિશા...

શહેરનો વિકાસ અને તેનું આયોજન સમગ્ર અર્થતંત્રને ગતિમાન રાખે છે. માટે જ દરેક સરકારનો એ પ્રયત્ન હોય છે કે શહેરમાં પાયાગત સુવિધાઓની સાથે સાથે આનુષંગિક વ્યાપાર-વાણિજ્ય સંબંધિત ગતિવિધિઓને પણ સુગમ બનાવવામાં આવે. આ જ હેતુ સાથે કેન્દ્ર સરકારે ભારતના સો શહેરોને સ્માર્ટ શહેર બનાવવાનું લક્ષ્ય જાહેર કર્યું હતું. આ મામલામાં કેટલા શહેરો વિકાસ કરી શક્યા છે તે સમજવું હોય તો નીતિ આયોગનો લેટેસ્ટ સર્વે જોવો પડે. નીતિ આયોગ શહેરના મૂલ્યાંકન માટે અમુક પાસાઓને તબક્કાવાર ધ્યાનમાં લે છે જેમ કે, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યુરો, શિક્ષણ વ્યવસ્થા અને શિક્ષણ વિભાગ અને બીજા ખાતાઓમાંથી ચોક્કસ ટાઈમફ્રેમમાં આંકડા એકત્રિત કરવામાં આવે છે. જો કે આટલા બૌદ્ધિક વ્યાયામથી શહેરોનું નિ:શેષ ચિત્ર તો ઝડપાતું નથી પણ એક અંદાજ તો આવી જાય છે કે દશા અને દિશા શું છે.

આ પ્રકારના મૂલ્યાંકનથી ખ્યાલ આવે છે કે જે શહેરને સો જેટલા અંક મળ્યા છે તે શહેર બે હજાર ત્રીસ સુધી સતત વિકસતું રહેશે. પણ જે શહેરને શૂન્યની નજીક અંક મળ્યા તે પોતાના લક્ષ્યથી મહત્તમ અંતરે છે.

આમાં શિમલા, કોઈમ્બતુર અને ચંદીગઢ સહિત દસ શહેરો ખૂબ આગળ છે. તો ધનબાદ, ઇટાનગર અને મેરઠ દસ અંક કરતા પણ વધુ પાછળ છે. આ સર્વેમાં કુલ છપ્પન શહેરોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાંથી ચુમાલીસ શહેરોની વસ્તી દસ લાખથી વધુ છે અને બાર શહેર તો જુદા જુદા રાજ્યના પાટનગર છે અને જેની વસ્તી દસ લાખથી ઓછી છે. ખાસ તો જ્યાં ખેતીનો સ્કોપ નથી એવા વિસ્તારો ઝડપથી ખાલસા થઇ રહ્યા છે. વસ્તીગીચતા, બેનામી મિલકત, જમીન પચાવવી પાડવી, વસવાટના દબાણો, ગંદકી, ગટર વ્યવસ્થા, પાણીની ચોખ્ખાઈનો અભાવ, પાણી વિતરણ અવ્યવસ્થા, યાતાયાત જેવી સમસ્યાઓ ગંભીર બનતી જાય છે. કારણ કે શહેરની ક્ષમતા કરતા વસ્તી વધી રહી છે. પોશ વિસ્તારમાં શાનદાર ઈમારતો બનાવી દેવાથી વિકાસ સાબિત થઇ જતો નથી. ઇન્ટરનેટની સ્પીડ હેપીનેસ ઇન્ડેક્ષમાં પરિણમતી નથી. શહેરોમાં આર્થિક ગતિવિધિઓમાં ઝડપ લાવવા માટે અપરાધદર પણ ઘટાડવો પડે. જે શહેરોને સો અંક નજીક મળ્યા છે ત્યાં પણ ઘણી મહેનત કરવાની આવશ્યકતા દેખાઈ રહી છે. ભારતીય શહેરોએ શ્રેષ્ઠ મહાનગરને શોભે એવા સ્વાંગ ધરવાના બાકી છે.



## અન્ના હજારેની તબિયત લથડી: છાતીમાં દુખાવો થતા પૂણેની ખાનગી હોસ્પિટલમાં કરાયા દાખલ

### ખેતી કામ કરવા બાબતે

# પિતાએ ઠપકો આપતા તરૂણીનો આપઘાતનો પ્રયાસ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ તા.૨૬

રાજકોટ તાલુકાના મહિકા ગામે વાડી વિસ્તારમાં રહેતા અને ખેત મજુરી કરતા આદિવાસી પરીવારની ૧૪ વર્ષીય દીકરીએ વહેલી સવારે વાડીમાં જ ઝેરી દવા ગટગટાવી લેતા તેણીને રાજકોટ સીવીલ હોસ્પિટલમાં દાખલ કરાઈ છે.

પિતાએ ખેતી કામ કરવા બાબતે ઠપકો આપતા તરૂણીએ આ પગલુ ભર્યું હોવાનું પ્રાથમિક પુછપરછમાં જાણવા મળ્યું છે. બનાવની જાણ થતા આજી ડેમ પોલીસનો સ્ટાફ પણ દોડી ગયો હતો અને પરીવારજનોની પુછપરછ કરી હતી જેમાં પરીવારજનોના જણાવ્યા મુજબ તરૂણી પાંચભાઈ અને ૨ બહેનોમાં મોટી છે. તે પરીવારને ખેતીકામમાં મદદ કરે છે, તેણીના પિતાએ ખેતીકામ સરખી રીતે કરવા ઠપકો આપ્યો હતો જેનુ લાગી આવતા તરૂણીએ આપઘાતનો પ્રયાસ કર્યો છે, હાલ તેણી સારવાર હેઠળ છે. પોલીસે આ અંગે વધુ તપાસ આગળ વધારી છે.

## આ તે કેવો વિકાસ ?

# ગાંધીનગરમાં ૨૦૦ થી વધુ વૃક્ષોનું નિકંદન

**(એજન્સી સમાચાર)**

ગાંધીનગર,તા.૨૬

રાજ્યના પાટનગર ગાંધીનગર એક સમયે હરિયાળા નગર તરીકે વિખ્યાત હતું. પરંતુ વિકાસની આંધી શરૂ થતાં જ હજારો વૃક્ષોનો ભોગ લઈ સિમેન્ટ/કોંક્રીટના જંગલો ઉભા કરી દેવામાં આવ્યાં છે. દર વર્ષે ચોમાસાની ઋતુમાં વન વિભાગ દ્વારા વન મહોત્સવ યોજીને લાખો વૃક્ષો વાવવાનો દાવો કરવામાં આવે છે. પરંતુ યોગ્ય જાળવણીના અભાવે ઘણા ખરા છોડ નાશ પામે છે.ત્યારે હવે ગુજરાત સ્ટેટ હાઇ-વે પ્રોજેક્ટ અંતર્ગત માર્ગના અપગ્રેડેશન માટે નડતર વૃક્ષો કાપવા માટે વન વિભાગે મંજુરી આપી દેતાં પ્રકૃતિ પ્રેમીઓમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો. ગાંધીનગરને હરિયાળું શહેર બનાવવા માટે વૃક્ષો વાવો, વરસાદ લાવોના નારા માત્ર વન વિભાગના કાગળો સુધી જ સીમિત હોવાનો ઘાટ ઘડાયો છે. ભૂતકાળમાં મેટ્રો તેમજ ઓવરબ્રિજનાં નિર્માણ માટે હજારો વૃક્ષોનું નિકંદન કાઢ્યા પછી હવે ચ-0 થી એરપોર્ટ સર્કલ સુધીના રોડને પહોળો કરવા માટે ૧૭ પ્રકારના ૨૦૦ થી વધુ વૃક્ષોના નિકંદન માટેનો પ્લાન તૈયાર થઇ ચુક્યો હોય તેમ છે. ૨૦૦ થી પણ વધુ વૃક્ષોમાં અસંખ્ય જીવજંતુઓ તેમજ વિવિધ પક્ષીઓ પણ પોતાનું રહેઠાણ ધરાવે છે. જે વૃક્ષો કપાશે તેમાંથી ૮ ઘન મીટરથી વધુ ઇમારતી લાકડા અને ૧૦૩ કિલો જલાઉ લાકડા વન વિભાગ મેળવશે. પરંતુ તેનાથી ગાંધીનગરની હરિયાળી પણ છીનવાઈ જશે એટલું નક્કી છે. ગાંધીનગરને સ્માર્ટ સીટીનો દરજ્જો અપાવવાની લ્હાયમાં નડતર રૂપ વૃક્ષોનો છેદન કરી નાખવામાં કોઈ કસર બાકી રાખવામાં આવી નથી. હાલમાં પણ ઇન્દ્રોડા સર્કલથી અમદાવાદ એરપોર્ટ સર્કલ સુધી માર્ગને વધુ પહોળો કરવા અસંખ્ય વૃક્ષનું છેદન કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. તેમજ ગાંધીનગરમાં મેટ્રો ટ્રેનના માર્ગમાં આવતા ૩૦થી ૫૦ વર્ષ જૂના વૃક્ષો કાપવાનો તખ્તો ઘડી કાઢવામાં આવ્યો છે. વૃક્ષોના જતન કરવાની મોટી જાહેરાતો વન વિભાગ દ્વારા કરાઇ રહી છે, ત્યારે ગાંધીનગરમાં વૃક્ષોના છેદન માટે વન વિભાગ દ્વારા આંખ આડા કાન કરવામાં આવતાં પ્રકૃતિપ્રેમીઓમાં ભારે રોષ ઉભો થવા પામ્યો હતો. ગાંધીનગર ૨૦૨૧માં બિનજંગલ વિસ્તારમાં સમગ્ર રાજ્યમાં બીજા ક્રમે આવ્યું હતું. પરંતુ વન વિભાગ વધુ વૃક્ષોના છેદન માટે મંજૂરી આપવાનું ચાલુ રાખશે તો આવનારા દિવસોમાં સમગ્ર રાજ્યમાં પ્રતિહેક્ટર વૃક્ષોની સંખ્યા પાછળ ધકેલાઇ જાય તો નવાઈ નહીં. હાલમાં લીમડાના ૯૦, ગરમાળાના ૩૩ અને કણજીના ૨૯ વૃક્ષો તેમજ બીજા ૧૭ પ્રકારના વિવિધ વૃક્ષોનું છેદન વન વિભાગ કરી રહ્યું છે.(૩.૧૫)

# હાલારમાં ૧૦ કિલો ગાંજા સાથે ચાર શખ્સો ઝડપાયા



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

જામનગર તા.૨૬

હાલાર પંથકમાં ડ્રગ્સ, ગાંજાનો કાળો કારોબાર દિવસેને દિવસે વકરી રહ્યો છે. આ દુષણને ડામવા પોલીસ પણ સતર્ક બની છે ત્યારે આજે વધુ એક વખત ઇક્કો કારમાં ગાંજાનો જથ્થો સંઘરી નીકળેલા ચાર શખ્સોને પોલીસે દસ કિલો ગાંજાના જથ્થા સાથે સહીત રૂપિયા સાડા ચાર લાખના મુદામાલ સાથે દબોચી લીધા હતા.

જામનગરમાં કેફી દ્રવ્યનું નેટવર્ક ફુલ્યું ફાલ્યું છે, જેને રોકવા એસઓજી પોલીસે આજે વધુ એક સફળ કાર્યવાહી કરી હતી જેમાં ચોક્કસ હકિકતના આધારે રેઈડ કરી હતી. આરોપી સલીમ ઉર્ફે સલીયો વલીમામદ માકોડા, રાહુલ ઉર્ફે કારો રાજુભાઇ દતેશરીયા, તુષાર ઉર્ફે ટકો હરીશભાઇ ગણાત્રા, મહેન્દ્રસિંહ ઉર્ફે મેદીયો ઉમેદસિંહ જાડેજા રહે બધા જામનગર વાળાઓને ઇક્કો ગાડી નંબર- જીજે-૧૦-ડીએ-૨૦૧૬ સાથે ૧૦ કિલો ૩૦૦ ગ્રામ ગાંજો તથા અન્ય મુદામાલ મળી કુલ રૂા.૪,૪૮,૨૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. એસઓજી પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ સીટી બી ડીવી. પો.સ્ટે. એન.ડી.પી.એસ. એકટ મુજબ ગુનો દાખલ કર્યો છે.

આરોપી સલીમ વલીમામદ માકોડા તથા રાહુલ ઉર્ફે કારો રાજુભાઇ દતેશરીયા અગાઉ પણ ગાંજાના પ્રકરણમાં પોલીસ ચોપડે ચડયા હોવાનું જાહેર થયું છે. આ કાર્યવાહી દરમિયાન એસ.ઓ.જી. પીઆઇ એસ.એસ.નિનામા તથા પીએસઆઇ આર.વી.વીંછી તથા એસ.ઓ.જી. સ્ટાફ ફરજ પર હાજર રહ્યો હતો.(૯.૧૫)

OM CATRERS
Best Food For All Occassion
Call: 98251 51818 / 97144 53898
Web: www.omcaterersrajkot.com

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

# ભાજપ અગ્રણી ગૌતમ ગોસ્વામી તથા કોર્પોરેટર અનિતાબેન ગોસ્વામીની ભત્રીજી ચિ. હર્ષિતાનો લગ્નપ્રસંગ સંપન્ન



રાજકોટ: લગ્નપ્રસંગે ઉપસ્થિત રહી નવદંપતીને આશીર્વાદ આપતા પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ, પ્રદેશ ઉપપ્રમુખ ડો.ભરત બોઘરા, શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, રાજ્યના મંત્રી અરવિંદભાઈ રૈયાણી, ડો.ધનસુખ ભંડેરી, ઉદય કાનગડ સહિતના અગ્રણીઓ.

# લજાઈ ચોકડી પાસે ટ્રક-બાઈક અકસ્માતમાં યુવાનનું મોત

મોરબી તા. ૨૬

મોરબી રાજકોટ હાઇ-વે રોડ ઉપર લજાઈ પાસેથી ડબલ સવારી બાઈક પસાર થતું હતું તે બાઇકને ટ્રક ચાલકે હડફેટે લીધું હતું.

જેથી કરીને અકસ્માત સર્જાયો હતો અને બાઈક ઉપર બેઠેલા બે વ્યક્તિમાથી એક યુવાનનું મોત નીપજ્યું છે અને અન્ય એક યુવાનને સારવારમા ખસેડાયો છે.

બનાવની જાણવા મળતી માહિતી મુજબ લજાઈ ચોકડી પાસેથી ટંકારામાં રહેતા મોમિન સમાજના ઉસ્માનભાઈ વલીમામદભાઈ મેસાનિયા અને રહિમભાઈ અલાદીનભાઈ ચૌધરી બાઇક ઉપર જતાં હતા ત્યારે પાછળથી ટ્રક ચાલકે તેને હડફેટે લીધા હતા જેથી કરીને અકસ્માત સર્જાયો હતો.

જેમાં રહિમભાઈ અલાદીનભાઈ ચૌધરીને વધુ ઇજા થવાથી તેનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું અને વલીમામદભાઈને ઇજા થયેલ હોવાથી તેને સારવાર માટે મોરબી ખાનગી હોસ્પિટલમાં લઈને આવેલ છે અને પોલીસે બનાવની નોંધ કરીને આગળની કાર્યવાહી કરેલ છે. (૯.૧૫)

# ચેક રિટર્નના કેસમાં આરોપીને બે વર્ષની કેદ

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

જૂનાગઢ,તા.૨૬

જૂનાગઢની કોર્ટમાં સી.જે. ફાઇનાન્સ લી.ના લીગલ ઓફીસર મયુરભાઇ મોવેચાએ ચડતા હપ્તાઓના ચુકવણા માટે ફાઇનાન્સ કંપનીને આપેલ ચેકો પરત કરતા જુદા જુદા ઇસમો સામે ચેક રિટર્નની ફરીયાદો કરેલ જેની કાનુની કાર્યવાહીમાં જૂનાગઢના નામાંકિત વકીલ ડી.ડી.રૂપારેલીયા, ઉદયભાઇ રૂપારેલીયા પંકજભાઇ ગેવરીયા(વડાલ) એ જુદી જુદી કોર્ટમાં ચાલતા કેસોમાં આરોપીઓ દક્ષાબેન ભાવેશ ભટ્ટી રૂ.૩૬,૧૦૩નો ચેક આરોપી યુનુસ હુસેન ખત્રી રૂ.૨૬,૨૬૧નો ચેક બંને બેંકમાંથી રિટર્ન થયેલ જે કેસ જૂનાગઢની કોર્ટમાં આપી જતા કામદાર કોર્ટમાં આ બંને આરોપીઓને બબ્બે વર્ષની સજા તેમજ દંડ ફટકારતો હુકમ કર્યો હોવાનું એડવોકેટ ડી.ડી. રૂપારેલીયાની યાદીમાં જણાવ્યું છે.

# ગુજરાતમાં રેકર્ડ તોડીને વિધાનસભાની તમામ ૧૮૨ બેઠકો જીતી લાવો : ભાજપના કાર્યકરોને ગૃહમંત્રી અમીત શાહનું આહવાન, સુરતના સ્નેહમિલનમાં વર્ચ્યુઅલ સંબોધન



# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે શુભેચ્છા મુલાકાત

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી , તા.૨૬

ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવીદિલ્હીમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૨ના પ્રારંભ પૂર્વે યોજેલા રોડ-શો અને વન ટુ વન બેઠકો બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.



મુખ્યમંત્રી એ આગામી ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન યોજાનારી આ સમિટની તૈયારીઓ અંગે પ્રધાનમંત્રીને માહિતગાર કર્યા હતા. વડાપ્રધાનએ આ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.(૩.૧૫)

**વાચકોએ નોંધ લેવી**

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com
એડ્રેસ: ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઇલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

### ૭૩માં એન.સી.સી. દિવસ નિમિતે

# ગર્લ્સ બટાલિયન દ્વારા સાઈકલ રેલી યોજાઇ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૨૬

બાલભવન ખાતે ૨-ગુજરાત ગર્લ્સ બટાલિયન દ્વારા ૭૩માં એન.સી.સી. દિવસની ઉજવણી નિમિતે ૧૦ કિ.મી લાંબી સાઇકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

એન.સી.સી દ્વારા એક સંસ્થા તરીકે હાથ ધરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે જાગૃતિ ફેલાવવા માટે ૨-ગુજરાત ગર્લ્સ બટાલિયન, રાજકોટની ગર્લ કેડેટ્સ દ્વારા ૧૦ કિમીની સાયકલ રેલી કાઢીને ૭૩માં એન.સી.સી દિવસની ઉજવણી કરી હતી.

આજની આ સાઈકલ રેલીમાં રેસકોર્સ ખાતે બાલભવન થી રૈયા ચોકડી, ઇન્દિરા સર્કલ, કોટેચા ચોક, મહિલા કોલેજ અંડરબ્રીજ થી હેમુ ગઢવી હોલ થઈને એન.સી.સી હેડક્વાટર ખાતે રેલીનું સમાપન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં કુલ ૧૧૮ સિનિયર ગર્લ કેડેટ્સ, ૧૪ એસોસિએટ એન.સી.સી અધિકારીઓ, ૧૪ આર્મી કર્મચારીઓ અને ગર્લ કેડેટ પ્રશિક્ષકોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત, રાજકોટ રનર્સ ગ્રુપના ૩૦ રનર્સે પણ યુવા કેડેટ્સને પ્રોત્સાહિત કરવા અને માર્ગદર્શન આપવા માટે કેડેટ્સ સાથે જોડાયા હતા.(૧.૧૫)

# રાજકોટની યુવતીની હત્યા કરનાર પ્રેમીની ધરપકડ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ,તા.૨૬

ગોંડલના રીબડા ગામ પાસેથી અજાણી યુવતીની લાશ મળી આવ્યા બાદ પોલીસની પ્રાથમિક તપાસમાં બનાવ હત્યાનો હોવાનું ખુલ્યું હતું.મૃતક યુવતીને બીજા કોઈએ નહી પરંતુ તેના પતિ કમ પ્રેમીએ જ મોતને ઘાટ ઉતારી દીધાનું બહાર આવ્યું છે.જેના આધારે ગોંડલ તાલુકા પોલીસે તપાસ આગળ વધારતા તેણીની પ્રેમીએ જ ગળું દબાવી હત્યા કરી હોવાનું રાજકોટ ક્રાઇમબ્રાન્ચની તપાસમાં ખુલ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ, ગોંડલ હાઈ-વે ઉપર રીબડા ગામના ગેઈટ સામેથી આજે જીન્સ અને ટી-શર્ટ પહેરેલી અને અંદાજે ૨૫ વર્ષની જણાતી અજાણી યુવતીની લાશ મળી આવતા ગોંડલ તાલુકા પીએસઆઈ એમ.જે. પરમાર સ્ટાફના માણસો સાથે સ્થળ પર દોડી ગયા હતા.લાશનું નિરિક્ષણ કર્યા પછી પણ બનાવ અકસ્માતે મોત, આપઘાત કે હત્યાનો છે તે સ્પષ્ટ નહી થતા પોલીસે લાશને ફોરેન્સીક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ સિવિલમાં ખસેડી હતી.

ગોંડલ તાલુકા પોલીસ મૃતક યુવતીની ઓળખ મેળવવા માટે મથતી હતી.ત્યાં જ શહેર પોલીસની ક્રાઈમબ્રાન્ચે આ બનાવ હત્યાનો હોવાનું શોધી કાઢયું હતું. એટલુ જ નહી મૃતક યુવતીના પ્રેમીએ જ તેને મોતને ઘાટ ઉતારી દીધાની માહિતી મળી જતા મૃતક યુવતીનો પ્રેમી સંદિપ છગન સગપરીયા(ઉ.વ.૩૮) મુળ રીબડાનો છે, તેને સકંજામાં લઈ પુછપરછ શરૂ કરી છે. તે સજુને એકટીવા પર લઈ રીબડા પહોંચ્યો હતો.જયાં બંને વચ્ચે બોલાચાલી થયા બાદ સંદિપે ગળુ દબાવી તેની હત્યા કરી નાખ્યાની પ્રાથમિક તપાસમાં પોલીસને માહિતી મળી છે. પોલીસે વધુ તપાસ કરતા એવું પણ જાણવા મળ્યું છે કે સંદિપને સજુના એકથી વધુ શખ્સો સાથે આડાસંબંધ હોવાની શંકા જતા હત્યા કરી નાખી છે.

રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે સંદિપને સકંજામાં લઇ ગોંડલ તાલુકા પોલીસને સોંપવા કાર્યવાહી કરી હતી.આ ગુન્હા અંગે ગોંડલ તાલુકા પોલીસે મૃતકના માતા શબાનાબેન ફિરોઝભાઈ સમાં(ઉ.વ.૩૬)ની ફરિયાદ પરથી સંદીપ છગન સગપરિયા (રહે.કોઠારીયા સોલ્વન્ટ) સામે હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી કરી હતી.(૯.૧૫)

## શ્રમિકોને ઈ–શ્રમ કાર્ડ નોંધણી કરાવી
# વિવિધ યોજનાઓના લાભ મેળવવા કલેકટરનો અનુરોધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬



રાજકોટ કલેકટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષસ્થાને અસંગઠિત બાંધકામ શ્રમયોગીઓ માટે અપાતા ઈ-શ્રમ કાર્ડ અંગેની સમીક્ષા બેઠક યોજાઈ હતી. કલેકટર બાબુએ વધુ ને વધુ શ્રમિકો આ કાર્ડ મેળવે તે માટે જાગૃતિ સેમિનાર, કેમ્પના આયોજન કરવા અંગે સંબંધિત વિભાગને સઘન આયોજન થી કરવા અનુરોધ કર્યો હતો.

રાજકોટ જિલ્લામાં ૨૮૭૦૭ શ્રમિકોએ કાર્ડ મેળવ્યા હોવાનું આસિસ્ટન્ટ લેબર કમિશનર એ.કે. સિહોરાએ આ તકે માહિતી આપતા જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રમયોગી કામદારોને વિના મુલ્યે કાર્ડ કાઢી આપવામાં આવે છે. જેમાં શ્રમિકને યુનિક નંબર આપવામાં આવે છે. જે શ્રમિકો આવકવેરો ભરવા પાત્ર ન હોય કે પી.એફ. ન કપાતું હોય તેમજ ૧૬ ૬૦ વર્ષ વચ્ચેના શ્રમિકો આ કાર્ડ મેળવી શકે છે. આ શ્રમિકોના અકસ્માતમાં મૃત્યુ થાય તો રૂ.૨ લાખની રકમ મળવા પાત્ર છે. તેમજ અન્ય લાભો પણ મળવા પાત્ર છે.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર કેતન ઠક્કર, જિલ્લા પંચાયત, મહાનગરપાલિકા, આરોગ્ય વિભાગ, ખેતીવાડી વિભાગના અધિકારીઓ જોડાયા હતાં.(૧.૧૬)

## સરસ્વતી વિદ્યા મંદિર સંકુલનું ગૌરવ
# ચિત્ર સ્પર્ધામાં વિદ્યાર્થીની રાજ્ય કક્ષાએ વિજેતા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬






વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન તેમજ સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી વિદ્યામંદિર સંકુલની ધો.૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પંડ્યા ક્રિશાએ લાયન્સ કલબ આયોજીત અમરેલી ખાતે રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવી શાળા, પરિવાર અને શહેરનું નામ રોશન કર્યું છે.

લાયન્સ ક્લબ દ્વારા શહેર–ઝોન કક્ષાએ આયોજીત શાંતિનો સંદેશ વિષયક ચિત્ર સ્પર્ધામાં સરસ્વતી શિશુમંદિરના પચાસ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ગુજરાતભરના જુદા જુદા શહેરોના હજારો વિદ્યાર્થીઓ લાયન્સ કલબ આયોજિત રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધામાં પ્રતિસ્પર્ધી બન્યા હતા. જેમાં સરસ્વતી શિશુમંદિરની વિદ્યાર્થીની પંડ્યા ક્રિશા રાજીવભાઈ રાજ્યકક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા બનતા હવે તે મલ્ટીપલ લેવલે નેશનલ–ઈન્ટરનેશનલ ડ્રોઈંગ કોમ્પિટિશન માટે સિલેક્શન થઈ છે જે બદલ સંસ્થાના ચેરમેન અપૂર્વભાઈ મણીઆરે પંડ્યા ક્રિશાને શુભેચ્છાઓ પાઠવી હતી.(૧.૧૬)

## શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના તમામ વોર્ડના
# વોર્ડ પ્રમુખ, મહામંત્રી, શહેર કારોબારી સભ્યની નિમણૂંક કરાઈ





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી તેમજ પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ઉદય કાનગડ સાથે વિચાર-વિમર્શ કરીને શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ લલિત વાડોલીયા, મહામંત્રી જે.પી. ધામેચા, રત્નાભાઈ રબારીએ શહેરના તમામ વોર્ડના વોર્ડપ્રમુખ મહામંત્રી અને શહેર કારોબારી સભ્યો જાહેરાત કરી હતી.

શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના વોર્ડના નવનિયુક્ત વોર્ડપ્રમુખ મહામંત્રી અને શહેર કારોબારી સભ્યોને પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, રાજયના મંત્રી અરવીંદ રૈયાણી, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, મેયર ડો. પ્રદિપ ડવ, ગુજરાત સુરેન્દ્રનગર જિલ્લા સંગઠનના પ્રભારી નિતીન ભારાજ, ભાવનગર શહેર સંગઠનના પ્રભારી કશ્યપ શુકલ, રાજકોટ જિલ્લા સંગઠનના પ્રભારી રક્ષાબેન બોળીયા, મહિલા મોરચાના અંજલીબેન રૂપાણી, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર સહિતના અગ્રણીઓએ તેમજ તમામ શ્રેણીના કાર્યકર્તાઓએ આવકારી શુભેચ્છા પાઠવેલ હતી.(૧.૧૬)

### શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના વોર્ડ પ્રમુખ-મહામંત્રી તથા શહેર કારોબારી સભ્ય

| વોર્ડ | પ્રમુખ | મહામંત્રી | શહેર કારોબારી સભ્ય |
|---|---|---|---|
| ૧ | રામકૃષ્ણભાઈ પ્રજાપતી | મોહિતભાઈ શિયાર | પ્રવિણભાઈ જેઠવા |
| ૨ | નીલેશ તેરૈયા | નિમેષ સિધ્ધપુરા | સંજય મિયાત્રા |
| ૩ | બાબુભાઈ પરેશા | રણધીરભાઈ સોનારા | હસમુખભાઈ સીતાપરા |
| ૪ | કાનાભાઈ ડેંડૈયા | ભાવેશ ચાવડા | મુકેશભાઈ પંચાલ |
| ૫ | જગદીશભાઈ પીઠવા | નિલેશ ગઢવી | પીન્ટુભાઈ રાઠોડ |
| ૬ | અનીલભાઈ ચૌહાણ | વાસુરભાઈ બકુતરા | વિજયભાઈ મેથાણીયા |
| ૭ | રાજુભાઈ ચાવડા | નિતીનભાઈ જરીયા | જયુભાઈ રાઠોડ |
| ૮ | મૌલિકસિંહ વાઢેર | ગોપાલ સભાડ | નંદન માખેલા |
| ૯ | પ્રદિપભાઈ ધાધલ | પ્રકાશભાઈ ગોહિલ | જગદીશભાઈ હરસોડા |
| ૧૦ | હેમંતસિંહ ડોડીયા | કેતન મકવાણા | નારણભાઈ આહીર |
| ૧૧ | ધર્મેશભાઈ સોલંકી | મનીષભાઈ ચાવડા | મુળુભાઈ ઓડેદરા |
| ૧૨ | ભગવાનભાઈ આહીર | યોગેશ છાયા | ચિરાગ ધ્રાંગધરીયા |
| ૧૩ | વિશાલભાઈ પરમાર | રાજેશભાઈ ચોટલીયા | ઉમેદભાઈ જરીયા |
| ૧૪ | રૂપેશભાઈ ચાવડા | નીર્મલભાઈ લાવડીયા | જયદીપભાઈ દેવકા |
| ૧૫ | ઘનશ્યામભાઈ ડાંગર | ધર્મેશભાઈ સોલંકી | ઉજેશભાઈ દેશાણી |
| ૧૬ | હસમુખભાઈ કાચા | મનોજભાઈ ચાવડા | મનુભાઈ ચાંગડીયા |
| ૧૭ | વિરેન્દ્રભાઈ ચાવડા | ચેતનભાઈ સિંધવ | સંદીપભાઈ પરમાર |
| ૧૮ | દિનેશભાઈ કીડીયા | રાજુભાઈ ગઢવી | રાજુભાઈ ડાંગર |

# અમરેલી-અમદાવાદ વોલ્વો એસ.ટી.બસ શરૂ કરવા રજૂઆત

(નટવરલાલ ભાતિયા દ્વારા)

અમરેલી, તા.૨૬



### મંત્રી અરવિંદ રૈયાણીને રજૂઆત કરતા ધારાસભ્ય વિરજી ઠુંમર

ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે અમરેલી અમદાવાદ ની સવારે ૫:૩૦ કલાકે ઉપડતી અમરેલી- અમદાવાદ વોલ્વો એસટી બસ કોરોના કારણે બંધ કરવામાં આવી હતી જે હજુ શરૂ કરવામાં આવી નથી તેમજ એક અમરેલી ગાંધીનગર સાદી બસ જે સવારે ૪:૩૦ કલાકે ઉપડતી હતી તે પણ બંધ કર્યા બાદ હજુ સુધી શરૂ નહીં કરવામાં આવતા અમરેલીના મુસાફરોને હાલાકીનો સામનો કરવાની ફરજ પડી રહી છે આ રૂટની એસ ટી બસ પુન: શરૂ કરવામાં આવે તે માટે રાજ્યના વાહન વ્યવહાર મંત્રી અરવિંદભાઈ રૈયાણીને પત્ર પાઠવી રજુઆત કરવામાં આવેલ છે. ઉપરાંત ગ્રામ્ય રૂટ સુરત વડોદરા તેમજ નાના-મોટા રદ કર્યા તે તમામ રૂટ શરૂ કરવા માંગણી કરી છે અમરેલી એસ ટી ડિવિઝનમાં ડીસીની જગ્યા સહિત મહત્વના સ્ટાફની જગ્યા પણ ખાલી છે જે સમય મર્યાદામાં ભરવામાં આવે તેવી પણ માંગણી કરવામાં આવેલ છે.(૧.૧૬)

# કુલપતિ-કુલનાયકની સત્તા ઉપર નિયંત્રણ અયોગ્ય




### રાજયપાલ અને મુખ્યમંત્રીને રજૂઆત કરતા યશવંત જનાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

સૌરાષ્ટ્ર વિદ્યાર્થી ઉત્કર્ષ સમાજના સ્થાપક ટ્રસ્ટી યશવંત જનાણીએ રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખી જણાવ્યું હતું કે, અનુદાન લેતી ગુજરાતની યુનિવર્સિટીઓનાં કુલપતિ કુલનાયકની સત્તા ઉપર જે કાપ મુકવામાં આવ્યો છે. તે યુનિવર્સિટી એકટની તદ્દન વિરૂધ્ધનું પગલુ છે. આ માટે રાજ્ય સરકારે ગુજરાત વિધાનસભામાં ઠરાવ મુકવો પડે અથવા રાજ્યપાલ દ્વારા વટહુકમ બહાર પાડવો પડે. જણાવવામાં આવ્યું છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિત દરેક યુનિવર્સિટીમાં થતી ગેરરીતીઓ અને ખોટા નિર્ણય ઉપર રોક લાવવા આ પગલુ ભરવામાં આવેલ છે. વાસ્તવમાં તો દરેક યુનિવર્સિટીનાં રજીસ્ટ્રાર તરીકે આઇ.એ.એસ. અધિકારીને મુકવામાં આવ્યા હોત તો પરોક્ષ રીતે દરેક યુનિવર્સિટીનાં વહિવટ ઉપર રાજ્ય સરકારનો અંકુશ હોત. આ માટે યુનિવર્સિટી એક્ટમાં સંશોધન કરી અને યુ.જી.સી. ગાઇડલાઇનનો અભ્યાસ કરી વિધાનસભામાં ઠરાવ કરવો જોઇએ. યશવંતભાઇ જનાણીએ રાજ્યપાલની મુલાકાત માંગી જણાવવામાં આવ્યું હતું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને અન્ય યુનિવર્સિટીનાં અધિકારી મંડળમાં ધંધાદારી કોલેજોનાં પ્રતિનિધિઓ ચુંટાઇ ન શકે અન્યથા રાજ્ય સરકાર દ્વારા પણ તેમની નિમણુંક ન થઇ શકે.(૧.૧૬)

## વોર્ડ નં.૧૭ માં કોર્પોરેટર કીર્તીબા રાણાની ગ્રાન્ટમાંથી
# પેવિંગ બ્લોક નાખવાનું ખાતમુહૂર્ત કરતા શાસક પક્ષ નેતા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬



મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૭ના કોર્પોરેટર કીર્તીબા રાણાની ચાલુ વર્ષની ગ્રાન્ટમાંથી વાલકેશ્વર સોસાયટી શેરી નં. ૧-અ, બંધ શેરી અને ખોડીયાર ૫૦ ફૂટ રોડના છેડે બગીચા સામે પેવિંગ બ્લોક નાખવાનું ખાતમુહુર્ત શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવાના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે વોર્ડ નં.૧૭ના કોર્પોરેટરો રવજીભાઈ મકવાણા, અનીતાબેન ગોસ્વામી, કીર્તીબા રાણા, વોર્ડના પ્રભારી શૈલેષભાઈ પરસાણા, પ્રમુખ જેન્તીભાઈ નોઘણવદરા, મહામંત્રી યોગેશભાઈ ભટ્ટ, જગદીશભાઈ વાઘેલા, પૂર્વ પ્રમુખ વિઠલભાઈ પટેલ, સુરૂભા ઝાલા, દિનેશભાઈ ભીમાણી, જે.ડી.રૂધાણી, હરીભાઈ મસાણી, કેશુભાઈ, અમિત મેવાળા, મુકેશભાઈ રજપૂત, મનુભાઈ વાઘેલા, જયેશભાઈ ઝાલાવડીયા, કમલેશભાઈ ડાભી, જ્યોતિબેન સખીયા, હંસાબેન કોરાટ, હિનાબેન ચાવડા, વિજયાબેન, જયશ્રીબેન, વિજુબેન, ગીતાબેન સહિતના લતાવાસીઓ બહેનો તેમજ ભાઈઓ હાજર રહેલ.(૧.૧૬)

# ભારત સહિત સમગ્ર વિશ્વ બઝારમાં કોઈન ટ્રેક ડિજીટલ કરન્સીમાં ડંકો વગાડશે: બદ્રીનાથ મુટકુલે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬





### યુઝર્સને ટ્રાન્જેકશન લિમીટ નહીં, ડેબિટ કાર્ડ ધારક ચાર્જ વગર વહેવાર કરી શકશે

ક્રિપ્ટો કરન્સી અને ડિજિટલ પેમેન્ટ કરનારી અનેક ભારતીય કંપની સહિત વિશ્વના અનેક ટેકનોલોજી માસ્ટરો દ્વારા અનેક પ્રકારના ક્રીપ્ટો તેમજ ડિજીટલ વોલેટ જેવાં સંશોધનો વચ્ચે કોઈનટ્રેક વોલેટ બનાવનારા ભારતીય સ્ટાર્ટઅપર કંપનીના સ્થાપક ફાઉન્ડર અને સી.ઇ.ઓ. બદ્રીનાથ મુટકુલે સૌરાષ્ટ્રનાં પાટનગર સમા અને ઔધોગિક નગરી ગણાતા રાજકોટમાં આયોજિત માર્ગદર્શન સેમિનારમાં જણાવ્યું હતું કે, દેશમાં ડીઝીટલ કરન્સીનો ક્રેઝ સતત વધતો જાય છે. ટુંક સમયમાં દેશમાં ૧૦ કરોડ રોકાણકારો થઈ ગયા છે. જ્યારે બીજા નંબરે અમેરિકા જેવા વિકસિત દેશમાં હજુ ૨.૭૫ કરોડ રોકાણકારો છે. ક્રિપ્ટોકરન્સીનું ચલણ દેશમાં વધતુ જાય છે. તેનાથી ભારત સરકારની ચિંતા વધી છે. કારણ કે તેનો ગેરઉપયોગ કરીને ટેરર ફન્ડીંગ, કાળા નાણાં, મની લોન્ડિંગ વગેરે જેવો દેશવિરોધી પ્રવૃત્તિમાં નાણાંની લેવડ-દેવડ થાય છે.

ક્રિપ્ટો કરન્સીનું સંચાલન કરવા અને ગ્રાહકના ક્રિપ્ટો બેલેન્સમાંથી સીધો ખર્ચ કરવા માટે ક્રિપ્ટો ફેન્ડલી આંતરરાષ્ટ્રીય કાર્ડ મેળવવાની પણ ઓફર કરે છે. ડીસેમ્બરનાં અંત સુધીમાં ફક્ત રૂ. ૫૫૦ નાં ચાજીર્સથી કોઇન ટ્રેક પોતના ગ્રાહકોને વૈશ્વિક સ્તરે સ્વીકૃત ડેબિટ કાર્ડ ઓફર કરશે. જેનાં માટે યુઝર્સને કોઈપણ પ્રકારની ટ્રાન્જેકશન લિમિટ નહી હોય આ ડેબિટકાર્ડ ધારક ચાર્જ વગર અગણિત વહેવાર કરી શકશે. આ કોઇન ટ્રેક નુ ડેબિટ કાર્ડ ઓફલાઈન યુઝર્સ ને પણ સુવિધા પૂરી પાડે છે. યુઝર્સ પાસે મોબાઇલ કે ઈન્ટરનેટની સુવિધા ન હોય તો પણ ડેબિટ કાર્ડ ઉપયોગી બનશે.

કોઇનટ્રેક કંપનીના સીઈઓ બદ્રીનાથની હાજરીમાં રાજકોટમાં યોજાયેલા કોઇનટ્રેક ડિજિટલ માર્ગદર્શન સેમિનારને સફળ બનાવવા કંપનીના કો ફાઉન્ડર અમિત સિતાપરા, મુન્નાભાઈ બાવળીયા, દેવાંગ પટેલ, મિતેષ હરવાની, મનીષ મોદી, શૈલેષભાઈ સોરઠીયા, રવિભાઈ ભગદેવ, વિક્કિભાઈ ગોસ્વામી, ગવાભાઈ ગોસ્વામી, વિમલભાઈ પાનસુરીયા, હેતલભાઈ મહેતા અને નિલેશભાઈ બુટાણી સહિતના મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી. તેમ જણાવ્યું હતું.(૧.૧૬)

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## આજે ઐતિહાસિક સંવિધાન દિનઃ બંધારણ ઘડવૈયાઓને રાષ્ટ્રનાં વંદન

આ પ્રસંગે શરૂઆતમાં બોલતા લોકસભાની સ્પીકર ઓમ બિરલાએ બંધારણનું મહત્વ સમજાવ્યું હતું અને દેશના સંવિધાનને આધુનિક ગીતા સમાન ગણાવ્યું હતું. સંસદમાં આ પ્રસંગે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ, સ્પીકર ઓમ બિરલા અને ભાજપ અને સાથીપક્ષોના સાંસદો હાજર રહ્યા હતા. સંસદમાં યોજાયેલા સમારંભનો કોંગ્રેસ ઉપરાંત મમતા બેનજીના ટીએમસી, રાજદ, ડીએમકે અને ડાબેરી પક્ષો સહિતનાં અનેક રાજકીય પક્ષોએ બહિષ્કાર કર્યો હતો. કોંગ્રેસએ સ્પષ્ટ આક્ષેપ કર્યો હતો કે મોદી સરકાર બંધારણ પર સતત હુમલા કરી રહી છે અને બંધારણીય સંસ્થાઓને નબળી બનાવી રહી છે. એટલે કોંગ્રેસનાં સાંસદો સમારંભમાં સામેલ નહીં થાય. આજે સુપ્રીમ કોર્ટ દ્વારા પણ વિજ્ઞાન ભવનમાં કાર્યક્રમ યોજાયો છે. વડાપ્રધાન મોદીનાં હસ્તે કાર્યક્રમનું ઉદ્દઘાટન થયું હતું. જેમાં સુપ્રીમ કોર્ટના તમામ જજ, દેશની તમામ હાઈકોર્ટના વડા ન્યાયમૂર્તિ અને કાયદા વિભાગના મહાનુભાવો હાજર રહ્યા હતા. આજે દેશભરમાં બંધારણ દિવસ નિમિતે ભાજપ દ્વારા સંવિધાન ગૌરવ યાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મોડાસાથી સંવિધાન ગૌરવ યાત્રાને લીલીઝંડી આપી હતી. જેના સમાપન કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ હાજરી આપશે.(૨.૧૨)

## ગુજરાતની પ્રજા અને પર્યાવરણનાં ભોગે ઉદ્યોગોએ કરોડો રૂપિયા ખિસ્સામાં નાખ્યાઃ હાઈકોર્ટ

ઉદ્યોગો ગટરલાઈનમાં આવી રીતે કચરો ન ઠાલવી શકે. એટલે તમને ગટરલાઈનની વ્યવસ્થા નહીં જ મળે અને મનપાની ઝુંબેશ ચાલુ જ રહેશે. ઉદ્યોગોએ નર્ક જેવી સ્થિતિ ઉભી કરી છે. સાબરમતી નદીને ખતમ કરી દીધી છે. એટલે ચેમ્બર આમાં કોઈ ડખલગીરી કરવા ન આવે. લાખો કરોડો લોકોના જીવન સાથે રમત રમી રહેલા ઉદ્યોગપતિઓને મનપા ખુલ્લા પાડે એવી વડી અદાલતે તાકીદ પાડી હતી અને રાત-દિવસ કામ ચાલુ રાખવાનો આદેશ આપ્યો હતો. આવા ઉદ્યોગપતિઓની તમામ વિગતો અદાલતમાં રજૂ કરવાનો પણ હાઈકોર્ટે આદેશ આપ્યો છે. હાઇકોર્ટના આકરા વલણને કારણે ગુજરાત અને અમદાવાદની ઔદ્યોગિક આલમમાં સન્નાટો પ્રસરી ગયો છે અને દોડધામ પ્રસરી ગઈ છે.(૨.૧૨)

## ગુજરાતનાં પ્રવાસન ખાતાનો ભગોઃ ગીર જંગલમાં શાહમૃગ બતાવી વિડીયો વાયરલ કર્યો

સ્તબ્ધધ થઇ ગયા છે. ગીર અભ્યારણીય અને જંગલનો પરિચય આપવા વિડીયોમાં ગીર જંગલમાં એક શાહમૃગ પક્ષી ફરી રહ્યાનું બતાવ્યું છે. હકીકત એ છે કે આખા ગીર વિસ્તારમાં એક પણ શાહમૃગ નથી. ગીર તો શું આસપાસનાં સમગ્ર જિલ્લામાં અને સમગ્ર ગીર રેવન્યુ તથા વન વિસ્તારમાં કદી શાહમૃગ જોવા મળ્યા નથી. નિષ્ણાંતોએ સવાલ ઉઠાવતા પ્રવાસન અધિકારીઓ ગેંગેફેફે થઇ ગયા છે.(૨.૧૨)

## ભાગલાની પીડાથી છૂટવાનો એક જ ઉપાય, એ રદ થાયઃ મોહન ભાગવત

ગયા છે અને ફરી વિભાજન કરાવવાનો વિચાર કરનારા ખૂદ ખતમ થઇ જશે. એટલે જ ભારતના વિભાજનની પીડાનું સમાધાન એ વિભાજન રદ કરવું એ જ છે. આ પુસ્તક કૃષ્ણનંદ સાગરે લખ્યું છે. સંઘનાં વડાએ કહ્યું હતું કે ભારતની પરંપરાગત વિચારધારાનો મંત્ર અન્ય ધર્મથી જુદો છે. આપણે સૌને સાથે લઈને ચાલવામાં માનીએ છીએ. બીજા ખોટા અને આપણે જ સાચા એવું આપણે માનતા નથી.(૨.૧૨)

## દક્ષિણ આફ્રિકામાં કોરોનાનો નવો અવતાર મળતા ખળભળાટઃ ભારતમાં એલર્ટ જાહેર

કોરોના રૂપનાં અહેવાલોનાં પગલે તમામ રાજ્યોને સતર્ક રહેવાનો આદેશ આપ્યો છે. આફ્રિકાથી આવતા તમામ મુસાફરોનું સઘન તબીબી પરીક્ષણ કરવાનો પણ આદેશ અપાયો છે. કેન્દ્રનાં ગૃહ સચિવ રાજેશ ભૂષણે જણાવ્યું હતું કે, બોટ્સવાના, દક્ષિણ આફ્રિકા અને હોંગકોંગથી આવનારા તમામ આંતરાષ્ટ્રીય મુસાફરોનું ઊંડું અને સઘન તબીબી પરીક્ષણ કરવામાં આવશે. નવા સંસ્કરણનાં અનેક રૂપ જોવા મળ્યા છે એટલે તેને વધુ ગંભીર માનવામાં આવી રહ્યું છે.(૨.૧૨)

# બંધારણ દિવસ અંતર્ગત શહેર ભાજપ અનુ. જાતિ મોરચા દ્વારા 'સંવિધાન ગૌરવ યાત્રા' યોજાઈ






**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૬

દેશની આઝાદી બાદ દેશના બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરે દેશમાં સામાજીક સમરસતા અને ન્યાયીક પ્રક્રિયા સરળ બને તે માટે ૨૬ નવેમ્બરના રોજ દેશનું બંધારણ ઘડી દેશની જનતાને અર્પણ કર્યુ છે ત્યારે બંધારણદિવસ ઉજવણી અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ અનુ.જાતી મોરચા દ્વારા સંવિધાન ગૌરવ યાત્રાનું એક ભવ્ય આયોજન કરવામાં આવેલ હતુ, આ ગૌરવ યાત્રામાં આકર્ષક રથ, બંધારણ અને ડો. બાબાસાહેબ આંબેડકરજીના ફોટાઓ સાથેનો આ યાત્રા માટેનો રથ તૈયાર કરવામાં આવેલ.

ત્યારે આ યાત્રાનો પ્રારંભ જિલ્લા પંચાયત- અકીલા ચોક ખાતેથી મંત્રી અરવીંદભાઈ રૈયાણી, ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, ધારાસભ્ય ગોવીંદભાઈ પટેલ, મેયર ડો. પ્રદીપ ડવ, નિતીન ભારદ્વાજ, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, પ્રદેશ અનુ.જાતીના મત્રી બાબુભાઈ ચાવડા, ભાનુબેન બાબરીયા, રક્ષાબેન બોળીયા, કશ્યપ શુકલ, ડો.દર્શીતાબેન શાહ, વિનુભાઈ ઘવા, સુરેન્દ્રસિંહ વાળા, ડો. જૈમનભાઈ ઉપાધ્યાય સહીતના ભાજપ અગ્રણીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.

અને ત્યારબાદ રેસકોર્ષ રીંગ રોડ, સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા, બહુમાળી ભવન ચોક, શારદા બાગ, ચૌધરી હાઈસ્કુલ થઈ આંબેડકરની પ્રતિમા ખાતે સમાપન થયેલ અને ત્યાં ડો. આંબેડકરજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી આ યાત્રાનું સમાપન કરવામાં આવેલ તેમજ શહેર ભાજપના વિવિધ મોરચાઓ જેમાં યુવા મોરચો, લઘુમતી મોરચો, મહિલા મોરચો, બક્ષીપંચ મોરચા દ્વારા આતશબાજી અને ફુલની પાંખડીથી આ યાત્રાનું સ્વાગત કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનું સંચાલન શહેર ભાજપ ઉપપ્રમુખ અને શહેર ભાજપ અનુ. જાતી મોરચાના પ્રભારી મહેશ રાઠોડ તેમજ કાર્યક્રમની વ્યવસ્થા શહેર અનુ. જાતી મોરચાના પ્રમુખ મહેશ અઘેરા, મહામંત્રી નાનજીભાઈ પારઘી, વજુભાઈ લુણસીયા એ સંભાળી હતી.

આ તકે ભાજપ અગ્રણી વિક્રમ પુજારા, પરેશ હુંબલ, દીવ્યરાજસિંહ ગોહિલ, રઘુભાઈ ધોળકીયા, અનીલભાઈ પારેખ, મનુભાઈ વઘાશીયા, રમેશ અકબરી, નિતીન ભુત, પ્રવીણભાઈ મારૂ, પ્રવીણ કુંમર, કીરણબેન હરસોડા, લલીત વાડોલીયા, જે.પી. ધામેચા, રત્નાભાઈ રબારી, યાકુબ પઠાણ, વાહીદ સમા, રાજુ દલવાણી, ભરત શીગાળા, રસીકભાઈ પટેલ, કિશન ટીલવા, કુલદીપસિંહ જાડેજા, હેમાગ પીપળીયા, પૃથ્વીસિંહ વાળા, શામજીભાઈ ચાવડા, અનીલ મકવાણા, ડી.બી. ખીમસુરીયા, મનુભાઈ મકવાણા, દીનેશ બગડા, દેવજીભાઈ ખીમસુરીયા, રવી ગોહેલ, નીખીલ રાઠોડ, ગૌતમ ચૌહાણ, અભીષેક ગૌરી, ચેતન ચાવડા, નરેશ ચૌહાણ, શોભીત પરમાર, નીતીન બારોટ, ઈશ્વર જીતીયા, અજય વાઘેલા, અનીલ શ્રીમાળી, દીનેશ સોલકી, અશ્વીન રાખશીયા, સચીન પરમાર, ભરત મેવાડા ,મૌલીક પરમાર, જીજ્ઞેશ ચૌહાણ, અશોકભાઈ બાબરીયા, અજય પરમાર, ફર્નાન્ડીઝ પાડલીયા, હીતેશ મારૂ, રાજેન્દ્રસિંહ ગોહીલ, હેમભાઈ પરમાર, સી.ટી. પટેલ, દીનેશ ઘીયાળ, ઘનશ્યામ કુંગશીયા, રમેશ દોમડીયા, તેજશ જોષી, રજનીભાઈ ગોલ, સંજય પીપળીયા, રસીક કાવઠીયા, કેતન વાછાણી, હરીભાઈ રાતડીયા, મહેશ બથવાર, ભાર્ગવ મિયાત્રા, શૈલેષ બુસા, ડો. અલ્પેશ મોરજરીયા, મનીષ રાડીયા, પરેશ પીપળીયા, કાળુભાઈ કુગશીયા ,હાર્દીક ગોહીલ, ભાવેશ દેથરીયા ,જયશ્રીબેન ચાવડા, વર્ષાબેન પાંધી, દેવાગ માંકડ, દર્શનાબેન પંડયા, પ્રીતીબેન દોશી, બીપીન બેરા, રાજેશ્વરીબેન ડોડીયા,ચેતન સુરેજા, ભારતીબેન પાડલીયા, લીલુબેન જાદવ, રણજીતભાઈ સાગઠીયા, કંકુબેન ઉધરેજા, નીલેશ જલુ, સુરેશ વસોયા, ભારતીબેન પરસાણા, સંજયસિંહ રાણા, માધવીબેન ઉપાધ્યાય, લીલાબા જાડેજા, જશુમતીબેન વસાણી, નીનાબેન વજીર, અલ્પાબેન દવે, રીટાબેન સખીયા, દક્ષાબેન વસાણી, શીલ્પાબેન જાવીયા, મીનાબેન પારેખ, રક્ષાબેન જોષી, કંચનબેન મારડીયા, મહેન્દ્ર પાડલીયા, હીતેશ ઢોલરીયા, મહેશ પાંઉ સહિતના બહોળી સંખ્યામા ઉપસ્થિત રહયા હતા.(૧.૧૬)

## દિલ્હીમાં સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાયો
# ઓસમાણ મીરની સ્વર સાધનામાં દિલ્હીવાસીઓ રસતર બોળ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૬




મન મોર બની થનગનાટ કરે ફેઈમ ઓસામાણમીરની સ્વરસાધનાએ દેશની રાજધાની દિલ્હીના લોકોને રસતરબોળ કર્યા હતા. બુધવારની રાત્રે દિલ્હીના પ્રગતિ મેદાનમાં કેન્દ્રના અલ્પસંખ્યક વિભાગ દ્વારા આયોજિત હુનર હાટ અંતર્ગત સંગીત સમારોહ ઓસામાણ મીર વિશાળશ્રોતાઓ સમક્ષ એક એક રચના રજૂ કરતા તેના મખમલી આવાજમાં શ્રોતાઓ તલ્લીન બન્યા હતા જેમાં તૂ ને ક્યાં કરડાલા હો ગઈ મેં દીવાનીનું સોંગ ઓસામાણ મીરએ રજૂ કરતા દિલ્હીવાસીઓ રીતસર આ સોંગ પર આફરીન થઇ સૂરનો સાથ આપ્યો હતો જ્યારે અંતમાં દિલ્હીની ભૂમિ અને ઓસામાણ મીર કંઠેથી વદે માતરમ વંદે માતરમ રજૂ થતાં સૌએ આ રાષ્ટ્રીય ગીત સાથે ઓસામાણ મીરની સ્વર સાધનાને બિરદાવી હતી

કેન્દ્રીય મંત્રી મુક્તાર અબ્બાસ નકવીના આમત્રંણથી દિલ્હી પ્રગતિ મેદાનમાં સંગીત સંધ્યામાં પહોંચેલા ઓસામાણ મીરએ પણ હિન્દી ગીતો સૂફી રચના રજૂ કરતા દિલ્હી ના શ્રોતાઓ આફરીન થઇ અને ઓસમાણ મીર સાથે સૂરમાં સૂર પહોરાવી ઓસામાણ મીરની સૂર સંગીત કલાને બિરદાવી હતી. તેમ જણાવ્યું છે.(૧.૧૬)

# ચેક રિટર્નનાં કેસમાં એક-એક વર્ષની જેલની સજા અને વળતરની રકમ ચૂકવવા હુકમ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૬

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની ડો. યાજ્ઞિક રોડ શાખાના ખાતેદારો રમેશભાઇ પરસોત્તમભાઇ ડાંગીયા અને રવિભાઇ પરસોત્તમભાઇ ડાંગીયાને ધિરાણ અપાયેલ હતું. થોડા સમય બાદ આ બંને ખાતા ડિફોલ્ટર (એનપીએ) થયા હતા. ખાતેદારોએ આપેલ વસુલી રકમનો ચેક પરત ફર્યો હતો.

બેંકે તા. ૨૪/૫/૨૦૧૮નાં રમેશભાઇ પરસોત્તમભાઇ ડાંગીયા અને રવિભાઇ પરસોત્તમભાઇ ડાંગીયા સામે રાજકોટની નેગોશીયેલ કોર્ટમાં ચેક રિર્ટનનો કેસ દાખલ કર્યો હતો. બંને એ મૂળ ચેક રિટર્નની રકમ જેટલી રકમ જમા કરાવી ન હતી.

આથી, એડી. સીનીયર સિવીલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ નામદારની કોર્ટે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળ રમેશભાઇ પરસોત્તમભાઇ ડાંગીયાને એક વર્ષની જેલની સજા અને ચેક રિટર્નના વળતરરૂપે રૂા. ૧,૨૮,૧૫૨ અને રવિભાઇ પરસોત્તમભાઇ ડાંગીયાને એક વર્ષની સજા અને ચેક રિટર્નના વળતરરૂપે રૂા. ૧,૨૧,૯૬૬ ની રકમ ચુકવવી. જો રમેશભાઇ પરસોત્તમભાઇ ડાંગીયા અને રવિભાઇ પરસોત્તમભાઇ ડાંગીયા, બંને ખાતેદારોને રકમ દિવસ-૩૦માં ન ચુકવે તો બીજા ૬ માસની વધારાની કેદની સજા ફરમાવી હતી.

ચેક રિટર્નનાં કેસની આ કામગીરીમાં બેંક વતી વિદ્વાન એડવોકેટ નીલભાઇ પુજારા, ફરિયાદી ભાવિનભાઇ વેકરીયા હતા.

ચેક રિર્ટનનાં કેસમાં એક વર્ષની જેલની સજા અને વળતરનો ચુકાદો આવતાં બેંકનાં અન્ય બાકીદારોમાં ફફડાટ અને ગભરાટ ફેલાઇ ગયો છે.(૧.૧૬)

# રીબડા ગુરૂકુલ (રાજકોટ) ખાતે શાકોત્સવ ઉજવાયો




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૬

તાજેતરમાં દિવંગત થયેલ આત્માઓની પવિત્ર સ્મૃતિમાં તેમજ તેઓના મોક્ષ માટે આગામી તા. ૨૫ ડિસેમ્બર થી ૩૧ ડિસેમ્બર દરમ્યાન ગુરુકુલ રીબડા ખાતે ૧૦૮ શ્રીમદ્ ભાગવત તથા સત્સંગીજીવન ગ્રંથની સંહિતા પારાયણ રાખેલ છે.

આ ભાવવંદના ઉત્સવ અંતર્ગત રીબડા ગુરુકુલ ખાતે એક કાર્યક્રમ રાખવામાં આવેલ, જેમાં ગુરુકુલના સંતો દ્વારા રાજકોટ તેમજ આજુબાજુના ગામડાઓમાં ઠાકોરજી અને સંતોની પધરામણી રાખેલ જેમાં ૫૦૦ ઉપરાંત હરિભકતોને ઘેર ઠાકોરજી અને સંતોની પધરાણી કરેલ. આ ઉપરાંત ઢોલરા ગામે અને ગુરુકુલ રીબડાને આંગણે શાકોત્સવ રાખેલ. આ પ્રસંગે વિશ્વવિહારીદાસજી સ્વામી અને ભકતવત્સલદાસજી સ્વામી અને ધર્મવત્સલદાસજી સ્વામીએ પ્રાસંગિક પ્રવચન કરેલ. સભાનું સંચાલન વેદાંતસ્વરુપદાસજી સ્વામીએ સંભાળેલ. તેમ જણાવ્યું છે.(૧.૧૬)

## વિશ્વ એઈડ્સ દિવસ ઉજવણીના ભાગરૂપે
# લાલ ફુગ્ગાની વિશાળ રેડ રિબન હવામાં તરતી મુકાશે

**આ વર્ષનું સુત્ર-'અસમાનતાનો અંત લાવો, એઈડ્સને નાબુદ કરો અને રોગચાળો સમાપ્ત કરો**

**એઈડ્સ પ્રિવેન્સન કલબ દ્વારા તા.૨૯મી તા.૩૧મી ડિસેમ્બર સુધી સતત ચાર માસ સુધી ભરચક કાર્યક્રમોનું આયોજનઃ અરૂણ દવે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૬

સમગ્ર વિશ્વમાં ૧લી ડિસેમ્બર વિશ્વ એઈડ્સ દિવસ ઉજવણીના ભાગરૂપે એઈડ્સ પ્રિવેન્સન કલબ દ્વારા તા.૨૯મી નવેમ્બરથી ૩૧મી ડીસેમ્બર-૨૦૨૨ સુધી સતત ચાર માસ સુધી ભરચક કાર્યક્રમોનું આયોજન કરેલ છે. કેન્ડલ લાઈટ રેડ રિબન, માનવ સાંકળ, છાત્રોની રેડ રિબન, સેમીનાર, લાલ ફુગ્ગાની વિશાળ રેડ રિબન હવામાં ઉડાડાશે સાથે શહેર-જીલ્લાની તમામ હાઈસ્કુલોમાં ૧લી ડિસેમ્બરે સવારે ૯ વાગે છાત્રો રેડ રિબન બનાવાશે. આ વર્ષનું લડત સુત્ર 'અસમાનતાનો અંત લાવો, એઈડ્સને નાબુદ કરો અને રોગચાળો સમાપ્ત કરો' છે. દરેક નગરજનોને ૧લી ડિસેમ્બરે એઈડ્સનો જનજાગૃતિ સિમ્બોલ 'રેડ રિબન' પીનઅપ કરીને રાજકોટને રેડ રિબન નગર બનાવવા એઈડ્સ પ્રિવેન્સન કલબના ચેરમેન અરૂણ દવેએ અનુરોધ કર્યો છે. સમગ્ર આયોજનની વિગતો આપતા જણાવેલ છે કે ૨૯મીએ પંચશીલ સ્કુલ ખાતે ૧૦૦૦ મીણબતી દ્વારા પ્રકાશીત રેડ રિબન સવારે ૯ વાગે બનાવાશે. ૩૦મીએ વિરાણી હાઈસ્કુલ ખાતે ૧૫૦૦ છાત્રોની માનવ સાંકળ સાથેની વિશાળ રેડ રિબન સવારે ૯ વાગે નિર્માણ કરાશે. ૧ ડિસેમ્બર સાંજે ૫ વાગે રા.મ્યુ. કોર્પોરેશનના પટાંગણમાં લાલ ફુગ્ગાની વિશાળ રેડ રિબન હવામાં તરતી મુકીને એઈડ્સને બાય બાય કહેવાશે. ૨ ડિસેમ્બરના રોજ કે.કે.વી. ચોક ખાતે જી.ટી.શેઠ સ્કુલમાં સવારે ૧૫૦૦ છાત્રોની વિશાળ રેડ રિબન નિર્માણ કરાશે. આજ દિવસે સાંજે ૬ વાગે હિરાણી કોલેજ ખાતે પત્રકારો માટે એઈડ્સ વિષયક સેમીનાર યોજાશે.

૧લી ડિસેમ્બરે સવારે ૯ વાગે દરેક શાળાના ધો.૮ થી ૧૨ ના છાત્રો પોતાની શાળામાં રેડ રિબન બનાવશે. સંસ્થાએ શહેર જીલ્લાના તમામ યુવાવર્ગને જોડાવા અનુરોધ કરાયો છે. કાર્યક્રમમાં જોડાવા માંગતા, રસ ધરાવતા લોકોએ એઈડ્સ પ્રિવેન્સન કલબના ચેરમેન અરૂણ દવેનો સંપર્ક સાધવો.(૧.૧૬)

# બિલ્ડર અગ્રણી મયુરધ્વજસિંહ જાડેજાનો આજે જન્મદિવસ



રાજકોટ : રાજકોટના અગ્રણી બિલ્ડર અને સામાજિક યુથ આઇકોન તેમજ નામાંકિત જે.એમ.જે.ગ્રુપના મેનેજીંગ ડીરેક્ટર મયુરધ્વજસિંહ એમ. જાડેજાનો આજે જન્મદિવસ છે. આજે જીવનના ૩૪ વર્ષ પૂર્ણ કરી ૩૫માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. મયુરધ્વજસિંહે બિલ્ડિગ નિર્માણના વ્યવસાયમાં અગ્રણી બિલ્ડર તરીકે મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. સાથોસાથ રાજકોટ સહીત સૌરાષ્ટ્રમાં સામાજિક દાતા અને તેમના દ્વારા કેટલાક પ્રેરણાદાયી કાર્યો ને લઈને નાની ઉંમરમાં યુવા ભામાશા તરીકે ખ્યાતી પામ્યા છે. સુખી સંપન્ન પરિવારના મયૂરધ્વજસિંહ જાડેજાએ પોતાના લગ્નને લઇ ૮૬ કન્યાઓના સર્વધર્મ સમૂહલગ્નનું આયોજન કરી, સાથે પોતે પણ લગ્નગ્રંથી થી જોડાઇ તેઓ સમૂહલગ્નના પ્રણેતા પણ બન્યા હતા. આ સાથે પોતાની લાડકી પુત્રી વનિશાબાના પ્રથમ જન્મદિવસે થોડા સમય પૂર્વે રાજકોટ શહેર અને જિલ્લાના કોરોનામાં માતાપિતા ગુમાવનાર બાળકોના અભ્યાસ સહીત સારસંભાળના દાતા બની બાળકોને હૂંફના સાથી મયૂરધ્વજસિંહ બન્યા હતા. શહેરના એજી ચોકમાં આવેલ આસ્થાના કેન્દ્ર સમા ચમત્કારિક હનુમાનજીના મંદિર જીણોધ્ધારમાં તેઓ નિમિત્ત બન્યા છે. જ્યારે વિશ્વ પ્રસિદ્ધ સોમનાથ મંદિરના શીખરે સુવર્ણ કળશ દાતા સાથે શુભ સંકલ્પબધ્ધ થયા છે. રાજકીય સામાજિક કે કલાજગત હોય કે શૈક્ષણિક સંસ્થાના અનેક લોકો સાથે મિલનસાર સ્વભાવથી મયૂરધ્વજસિંહ જાડેજા નિકટ રહ્યા છે. આજે તેઓના જન્મદિવસ એ અભિનંદનનો વરસાદ તેઓના મોબાઈલ નંબર ૯૫૩૭૯૦૦૦૭૭ વરસી રહ્યો છે. મયુરધ્વજસિંહ જાડેજાના જન્મદિવસ પર 'સૌરાષ્ટ ક્રાંતી' પરિવાર તરફથી શુભકામનાઓ...

# અવસાન નોંધ

**રાજકોટઃ** ભાણવડ નિવાસી, હાલ રાજકોટ પરેશકુમાર કાંતિલાલ પાબારી (વુડલિફ ઇન્ટીરીયર્સ-રાજકોટ) (પાબારી એન્ટરપ્રાઇઝ-ભાણવડ)ના પત્ની પ્રીતિબેન (ઉ.વ.૪૮), તે ચિંતન તથા મેઘનાના માતા તેમજ વૃજલાલ વેલજીભાઇ કોટેચા (જામનગર) ના પુત્રી, તે વિજયભાઇ તથા અજયભાઇ કોટેચા (અંબિકા પ્લાય ડેકોર, જામનગર)ના બહેનનું તા.૨૦ ને શનિવારે અવસાન થયેલ છે. બેસણું તા.૨૨ને સોમવારે સાંજે ૪ થી ૫ તેમના નિવાસ સ્થાને, સાનિધ્ય-૨૫૩ એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, સ્પિડવેલ પાર્ટી પ્લોટ પાસે, મોટા મૌવા, રાજકોટ ખાતે રાખેલ છે. પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે. ભાણવડ ખાતે પ્રાર્થનાસભા તા.૨૫ને ગુરૂવારે સાંજે ૪ થી ૫ શ્રી ભગવતી માતાજી મંદિર, ભાણવડ ખાતે રાખેલ છે.

# ગુજરાત સાહિત્ય અકાદમી આયોજિત રમેશ પારેખના જન્મદિને કવિસંમેલન

**(હરેશ જોશી દ્વારા)**
કુંઢેલી, તા.૨૬

ગુજરાત સાહિત્ય અકાદમી અને ઇમેજ બુક કલ્ચર ટ્રસ્ટ આયોજિત કાલે તા.૨૭ ના રોજ સાંજે ૬ કલાકે નવજીવન ટ્રસ્ટ, આશ્રમ રોડ ખાતે સુપ્રસિદ્ધ કવિ રમેશ પારેખના જન્મદિન નિમિત્તે કવિસંમેલન યોજાશે. જેમાં હિતેન આનંદપરા, અનિલ ચાવડા, કિશોર જિકાદરા, સુનિલ શાહ, સુરેશ ઝવેરી અને હર્ષવી પટેલ કાવ્યપાઠ કરશે. કાર્યક્રમનું સંચાલન સુપ્રસિદ્ધ શાયર હરદ્વાર ગોસ્વામી અને સંકલન ડો. જયેન્દ્રસિંહ જાદવ કરશે.



રમેશ પારેખની રચનાની તરન્નુમ પ્રસ્તુતિ ગાયક જન્મેજય વૈદ્ય અને છ અક્ષરનું નામ વિશે પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા વાત કરશે. પુસ્તકમેળા અંતર્ગત કાર્યક્રમના સ્થળ પર આખો દિવસ રમેશ પારેખના પુસ્તકોનું પ્રદર્શન થશે. આ કાર્યક્રમમાં પધારવા કાવ્યરસિકોને જાહેર નિમંત્રણ પાઠવાયું છે.(૧.૧૬)

# ગીર-સોમનાથમાં બીજા દિવસે સઘન વીજ ચેકીંગ



પાટણ,તા. ૨૬

પી.જી.વી.સી.એલ.ની વીજ ચેકીંગ ટુકડીઓએ આજે સતત બીજા દિવસે ગીર-સોમનાથ જીલ્લાનો ધમરોળી નાખ્યો હતો. આજના વિસ્તારોમાં વેરાવળ-સુત્રાપાડા અને તાલાલા તાલુકાના ગામોનો સમાવેશ થાય છે. વિભાગીય કાર્યપાલક ઇજનેર પી.જી. જોશીના માર્ગદર્શન હેઠળ વીજ ચેકીંગની ૩૨ ટીમોએ આજે વેરાવળ ગ્રામ્ય તાલુકા, સુત્રાપાડા અને તાલાલા તાલુકાના ગામોમાં ૮૦ થી વધારે સ્ટાફ દ્વારા વેરાવળ ગ્રામ્ય, પ્રાચી, ઘંટીયા, ખાંભા, મહોબતપરા, પીખોર, સેમળીયા, જમાલપરા ખાતે ૩૭૪ વીજ જોડાણો ચેક કર્યા જેમાં ૮૦ વીજ જોડાણોમાં વિજચોરી કે ગેરરીતિ માલુમ પડતા રૂપિયા ૧૨ લાખ ૭૫ હજારના દંડાત્મક બીલ ઇસ્યુ કરાયાં.

# સંતકબીર રોડથી કુવાડવા રોડ સુધીનો વોકળો ડેવલપ કરવા દબાણ હટાવાશે




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૬

મ્યુનિ. કમિશનર અમિત અરોરાએ વોર્ડ નં.૫માં આવેલ સંતકબીર રોડથી કુવાડવા રોડ સુધીના વોકળાની તેમજ વોર્ડ નં.૧૮માં રાધેશ્યામ સોસાયટીમાં એકશન પ્લાન પેવર વર્કની ચાલુ કામગીરીની વિઝિટ કરી હતી.

મ્યુનિ. કમિશનરએ વધુમાં જણાવ્યું હતું કે, સંતકબીર રોડથી કુવાડવા રોડ સુધીનો વોકળો ડેવલપ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમજ આ વોકળાને વધુ સુંદર બનાવવા માટે બ્યુટીફિકેશન કરવાનું પણ આયોજન કરવામાં આવશે.

વિઝિટ દરમ્યાન મ્યુનિ. કમિશનરએ વોકળાની આસપાસ સર્વે કરી દબાણ દુર કરવા ટાઉન પ્લાનિંગ ઓફિસરને સુચના આપી હતી તેમજ વોર્ડ નં. ૧૮માં રાધેશ્યામ સોસાયટીમાં ચાલુ પેવર વર્કની કામગીરી દરમ્યાન જાહેરમાં પાણી ઢોળાતા આસામીઓને તાકીદ કરવા નાયબ કાર્યપાલક ઈજનેરને સુચના આપી હતી. આજની વિઝીટમાં મ્યુનિ. કમિશનર સાથે નાયબ મ્યુનિ. કમિશનર આશિષ કુમાર, કાર્યપાલક ઈજનેર વાય.કે. ગૌસ્વામી, ટાઉન પ્લાનિંગ ઓફિસર એમ.ડી. સાગઠીયા, પી.એ. (ટેક) ટુ કમિશનર રસિક રૈયાણી, આસી. ટાઉન પ્લાનિંગ ઓફીસર વી. વી. પટેલ, આશિષ પટેલ, આસી. મેનેજર ભરત કાથરોટીયા હાજર રહ્યા હતા.(૧.૧૬)

# ભાવનગરમાં દાઉદી વ્હોરા સમાજના ધર્મગુરૂના જન્મદિવસે વિવિધ કાર્યક્રમો યોજાયા




**(હુસામુદ્દીન કપાસ દ્વારા)**

જસદણ, તા.૨૬

વિશ્વભરના દાઉદી વ્હોરા સમાજના દિવંગત બાવનમાં દાઈ તાજદાર ડો.સૈયદના અબુલ કાઈદ જોહર મોહંમદ બુરહાનુદ્દીન સાહેબ (રી.અ.) ની ૧૧૧ મી જન્મજયંતિ અને વર્તમાન ત્રેપનમાં દાઈ (સર્વોચ્ચ ધર્મગુરૂ) નામદાર ડો. સૈયદના અબુ જાફરુસ્સાદીક આલિકદર મુફદ્દલ સૈફુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ના ૭૮ માં જન્મદિન અંગે દુનિયાભરના વિવિધ પ્રદેશોના શહેર ગામોના લાખો વ્હોરા બિરાદરોએ આ બન્ને ધર્મગુરુઓના જન્મદિન શાનોશોકતથી ઉજવણી કરી હતી. ત્યારે ભાવનગર દાઉદી વ્હોરા સમાજએ પણ આ જન્મદિન અવસરની ઉજવણી અદન અને અકીદત સાથે કરી હતી.

આ પ્રસંગનું સોહાર્દ, સૌંદર્ય ઝળહળી ઉઠે તે માટે ભાવનગરના આમિલ સાહેબની રજા મુબારકથી વ્હોરા બિરાદરોએ મજલીસ, વાએઝ, જુલુશ, ન્યાજ જેવા કાર્યક્રમો યોજી બંને દાઈઓને ગર્વભેર યાદ કર્યા હતાં ખાસ કરીને ભાવનગરમાં રક્તદાન અને હોસ્પિટલ જેવી સેવામાં મોખરે રહેતું બુરહાની ગ્રુપના ઈસ્માઈલભાઈ ટીનવાળા, મોહંમદભાઈ રંગવાળા, શબ્બીરભાઈ ઝવેરી, અમીરભાઈ સુવાણ, મોહંમદભાઈ ટીનવાળા વગેરે સભ્યોએ ભાવનગર શહેરના જાંબાઝ પોલીસ અધિક્ષક સફી હસન સાહેબ અને ડીવાયએસપી ડી.ડી.ચૌધરી મુલાકાત લઈ આ જન્મદિન પ્રસંગ પર ખુશીની આપ લે કરી હતી આમ ભાવનગર શહેરના વ્હોરા બિરાદરોએ આ જન્મદિન જીજાન સાથે ઊજવણી કરી હતી.(૧.૧૬)

હળવદ ફ્રેન્ડસ યુવા ગ્રુપ દ્વારા

# જરૂરિયાતમંદ દીકરીનો કરિયાવર કરી સમાજને એક અનોખુ ઉદાહરણ પુરૂ પાડ્યું

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

હળવદ, તા.૨૬

સેવા ભાવિ ગ્રુપ હર હંમેશા દરેક સેવાકીય પ્રવૃત્તિમાં અગ્રેસર રહેતુ ગ્રુપ એટલે હળવદ ફ્રેન્ડ્સ યુવા ગ્રુપ દ્વારા એક જરૂરિયાતમંદ દીકરીનો કરિયાવર કરી સમાજને એક અનોખુ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ફ્રેન્ડ્સ યુવા સેવા ગ્રુપ હળવદ દ્વારા ફરી એકવાર જરૂરિયાતમંદ એક દીકરીને કરિયાવર કરવામાં આવ્યો હતો.



એક જરૂરિયાતવારા પરિવારની દીકરીના થોડા સમયમાં લગ્ન થવાના છે અને આ મેરેજનો ખર્ચ ઉપાડવા માટે પરિવાર આર્થિક રીતે સંપન્ન નથી એવું ગ્રુપના ધ્યાનમાં આવતા આ પરિવારની દીકરીને દાતાઓના સહયોગથી કરિયાવર આપવાનું નક્કી થયું. દીકરીને કરિયાવર આપવામાં આવ્યો.(૧.૧૬)

હળવદ ગ્રામ્ય પંથકમાં એરંડાના ઉભા પાકમાં

# ઈયળોનો ઉપદ્રવ વધતા જગતનો તાત ચિંતિત

**(શિવ મયુર દ્વારા)**

હળવદ, તા.૨૬

હળવદ પંથકમાં ખેડૂતો દ્વારા શિયાળુ સીઝનની ખેતીમાં મોંઘા ભાવના બિયારણોનો ઉપયોગ કરી એરંડાના, રાયડુ, ચણા સહિત પાકોનું વાવેતર કરવામાં આવ્યું હતું. તેમજ કુદરત પણ જગતના તાતની કસોટી કરતો હોય તેમ અચાનક હવામાનમાં પલટો આવતાં માવઠું થતાં અગરીયાઓ અને ખેડૂતોઓ માથે હાથ મૂકીને રોવાનો વારો આવ્યો હતો. ખેતરોમાં પાણી ભરાઈ જતા ઉભા પાકમાં નુકશાન




જવાની ભીતિ સર્જાઈ જવા પામતા જગતના તાતને પડયા પર પાટુ જેવી પરિસ્થિતિ ઉભી થવા પામી છે. માવઠાથી ગ્રામ્ય પંથકમાં એરંડાના ઉભા પાકમાં ઈયળોનો ઉપદ્રવ વધતા પાકમાં ભારે નુકસાનીનો સામનો કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.જેને લઈ પંથકના ખેડૂતો દ્વારા પાકમાં પડેલ ઈયળોના ઉપદ્રવ તેમજ કમોસમી વરસાદના પગલે ઉભા પાકોમાં થયેલ નુકશાનનો સર્વે કરી પાક વળતર માં સહાય કરવામાં આવે એવી તેવી હળવદ પંથકના ખેડૂતો દ્વારા સરકાર દ્વારા યોગ્ય કાર્યવાહી કરી વળતર આપયા તેવી માંગણી છે.(૧.૧૬)

# હળવદ: માલગાડી ટ્રેન હેઠળ ઝંપલાવી પ્રેમી યુગલનો આપઘાત

**(શિવ મયુર દ્વારા)**

હળવદ, તા.૨૬

સમાજ એક નહિ થવા દે ના ડરથી પ્રેમી યુગલે આવતી ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લેતા નાના એવા ગામમાં અરેરાટી.બનેલી ઘટનામાં યુવતી ગંભીર હાલતમાં હોસ્પિટલે ખસેડાઇ જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરી.

હળવદ રેલવે સ્ટેશન નજીક ગુરુવારે બપોરે ત્રણ વાગ્યાના આજુ બાજુ એ પ્રેમી યુગલે કોઈ કારણોસર આવતી ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લેતા યુવાનનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું જ્યારે યુવતી ગંભીર રીતે ઘાયલ થતાં હળવદની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. આજુબાજુના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

બનાવની જાણવા મળતી માહિતી મુજબ ગુરુવારે બપોરે ત્રણ વાગ્યાની આજુબાજુ એ હળવદ રેલવે સ્ટેશન નજીક કચ્છ તરફથી આવતી ધસમસતી ટ્રેન નીચે યુવક વિશાલ દિનેશભાઈ પલાણી અને ગોપાલ ગઢ ગામે રહેતી યુવતી નિકીતાબેન ચંદુભાઈ ઠાકોર બન્ને પ્રેમી યુગલએ સમાજ એક નહિ થવા દે ના ડરથી પ્રેમી યુગલે બપોરના ૩ વાગ્યે ની આજુબાજુ એ માલગાડી ટ્રેન હેઠળ સજોડે ઝંપલાવી આપઘાત કરી લેતા નાના એવા ગામમાં અરેરાટી મચી જવા પામી છે.મૃતક પ્રેમી યુગલ પાસેથી મળેલી બેગ.મોબાઈલ.૫૦૦રુપીયા.ઘડીયાળ, આધારકાર્ડ સહિત વસ્તુ મળી આવી હતી.

બંને મૃતકોની લાશને પીએમ માટે હળવદ સરકારી હોસ્પિટલે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ અને રેલવેપોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આગળની કાર્યવાહી હાથ ધરી હતી.(૧.૧૬)

# સંભારણા

## પુસ્તક..

આપણે વોટસઅપ પર ગુલઝારે લખેલી ઈમેજ જોઇએ છીએ કે અલમારી પરથી પડીને પુસ્તકે આત્મહત્યા કરી. ખરેખર..વોટ્સએપના જમાનામાં આ વાત સો ટકા સાચી લાગે છે. મોબાઇલમાં સોશિયલ મીડિયા પર બસ જરાક નજર નાંખી લઉ એમ વિચારીને બેસીએ એટલે જે થોડો ઘણો સમય મળ્યો હોય તે કેમ કરીને વેડફાઈ જાય છે સમજાતું જ નથી. ઘણો વખત જાત સાથે મથ્યા પછી કોક દિ પુસ્તકોને ઉપર નીચે, આગળ પાછળ કરીને એકાદ મનગમતું પુસ્તક વાંચવા લીધું હોય ત્યાં જ મોબાઈલમાં ફોન આવે કે મેસેજ આવે એટલે જાણી જોઈને દૂર મુકેલો મોબાઈલ લેવો પડે છે. પછી થાય કે લીધો જ છે તો લાવ ને હજી જરાક સરખી નજર નાખી લઉં. પછી શું.. અડધી ઇમેજ ખોલીએ અડધી ન ખોલીએ, પણ જો ભૂલથી વિડીયો કે યૂટ્યુબની લીંક ખોલાઈ ગઇ તો પતિ ગયું.. અડધો-પોણો કલાક ક્યાં નીકળી જાય ખબર જ ન પડે. ત્યાં ઘડિયાળ તરફ ધ્યાન જાય અને બીજા બધા પેન્ડીગ કામ યાદ આવે એટલે પુસ્તક મુકાઈ જાય બાજુમાં. તે પુસ્તક ફરી હાથમાં લેવાનું મુરત કાઢવું પડે એવો વખત આવે અને છેલ્લે પુસ્તક આપણી રાહ જોઈને અલમારીમાં પડ્યું પડ્યું થાકી જાય અને છેવટે આત્મહત્યા કરી લે..

પુસ્તક વાંચવાના એટલા બધા ફાયદા છે કે જેટલું લખીએ એટલું ઓછું છે.જેમ કે..

કોઈની ભૂલ થાય તો તેને માફ કરવાની તાકાત-બુદ્ધિ નિર્માણ થાય છે.

ભિખારી-ભિક્ષુક માં પણ માણસ દેખાવા માંડે છે.



લેખિકા: પુનમ -મુંબઈ.

ચોરને ચોરી કેમ કરવી પડે છે એનું કારણ સમજવાનો પ્રયત્ન કરીએ છીએ.

પ્રેમ અને વાસનામાં ફરક ખબર પડવા લાગે છે.

ક્યાં બોલવું અને ક્યારે ચૂપ રહેવું એની સમજણ આવે છે.

ચાકુ-છુંરી-બંદૂક કરતાય શબ્દોથી કરેલા ઘા તીક્ષ્ણ હોય છે એ સમજાય છે.

મા બાપ ની કિંમત ખબર પડે છે.

બ્રેકઅપ, ડિવોર્સ કે નજીકની વ્યક્તિનું મૃત્યુ એટલે જીવન પૂરું થયું એવી ગેરસમજ દૂર થાય ને બીજી બધી ઘટનાઓમાંની આ પણ એક છે તેનું આકલન થાય છે.

પ્રાણીઓ માટે લાગણી જન્મે છે.

સોશિયલ મીડિયા પર હસતા ચહેરાનો ફોટો નાખનારા હકીકતની દુનિયામાં કેટલા દુ:ખી છે તે સમજાય છે.

કલાકાર નાટક, પિક્ચરમાં તેની જરૂરિયાત પ્રમાણેનું પાત્ર ભજવે છે. આપણી આજુબાજુ પણ આવા નાટકી કલાકાર હોય છે જે પોતાના સ્વાર્થ માટે આપણી સાથે કળા કરી જાય છે તે સમજાય છે.




દુનિયામાં ૯૯% ટકા લોકો સારા છે. માત્ર એકાદ ટકા લોકો ખરાબ હોય એટલે આપણે આખી માણસ જાતને બદનામ કરીએ છીએ એ સમજાવા માંડે છે.

કોઈ માણસ સારા લોકોનું અનુકરણ કરીને ઉત્તમ માનવી બને છે તો કોઈ ખરાબ માણસની સંગત કરીને હલકા વિચારો વાળો બની જાય છે.

પ્રોત્સાહન આપવાથી હારતો માણસ પણ જીતી શકે છે તે સમજાય છે.

હાર્યા પછી કે પરીક્ષામાં નાપાસ થયા પછી આત્મહત્યાનો વિચાર પણ નથી આવતો.

જીવન જીવવાની નવી ઉર્જા, ઉમ્મીદ નિર્માણ થાય છે.

આયુષ્ય પ્રત્યે સંવેદનશીલ લાગણીઓ જાગે છે.

એકબીજાના સુખ-દુ:ખની તીવ્રતા ખબર પડે છે.

કરોડોની સંપત્તિ વાળો કોઈને કોઈ રીતે ગરીબ, દરિદ્ર જણાય છે. તો સાવ સાદું જીવન અને રોટલી શાક ખાઈને પેટિયું રળતા માણસ સુખી લાગવા માંડે છે.

આજથી આગળનું જીવન ખરા અર્થમાં સુંદર રીતે જીવવાની જીજીવિષા જાગી ઊઠે છે.

તો ચાલો.. જીવનને સુંદર અને સક્ષમ બનાવવા માટે પુસ્તકો વાંચવાનો સમય કાઢીએ જેથી જીવન સાર્થક અને સમૃદ્ધ બને..

# હળવદ શહેરને હથેળીમાં ચાંદ બતાવનાર નેતાઓને વિકાસના કાર્યોમાં રસ નથી!

## રોડ, રસ્તા, ગંદકી, ટ્રાફિક, દબાણ, ગેરકાયદેસર દબાણ સહિતના પ્રશ્નોથી લોકોમાં રોષ

**(શિવ મયુર દ્વારા)**

હળવદ, તા.૨૬

હળવદ પંથકની પ્રજાના પ્રશ્નોની અવગણના કરનાર. નેતાઓ પ્રત્યે હળવદ વાસીઓમાં રોષની લાગણી જોવા મળે છે. હળવદને હથેળીમાં ચાંદ બતાવનાર નેતાઓ અને વિકાસના કાર્યોમાં કોઈ રસ નથી! વિકાસ બાબતે નેતાગીરીમાં ઉત્સાહનો અભાવ જોવા મળેછે. કુદરતી આપત્તિ બાદ હળવદ શહેર વિકાસ કરી રહ્યું છે ત્યારે કેટલીક પ્રાથમિક સુવિધાઓને અભાવે અનેક સમસ્યાઓથી ઘેરાયેલું રહે છે પ્રજાની અનેક રજૂઆત છતાં ગમે તે કારણોસર



આર્થિક રીતે સધ્ધર ગણાતો હળવદ તાલુકામાં અનેક સમસ્યાઓ થી ઘેરાયેલો હોય તેવું લોકોમાં ચર્ચાઇ રહ્યું છે. હળવદ તાલુકાના લોકો અનેક પ્રાથમિક સુવિધાથી વંચિત હોય તેવું લાગી રહ્યું છે. અનેક વીધ સમસ્યાઓ ભોગવી રહયા છે.મુળભુત અધિકારથી વંચિત પ્રજા કાગારોળ યેનકેન પ્રકારે તંત્ર કાને ધરતું તાલુકાના અતિશય બિસ્માર રોડરસ્તા, લાઈટો, સફાઈ, ટ્રાફિક એસટી ઉપરાંત દબાણો ગેરકાયદેસર બાંધકામ કાયદો-વ્યવસ્થા અનેક પ્રશ્નો મોં ફાટ કરીને ઉભા છે. આઝાદીના આટલા વર્ષો પછી પણ હળવદ આવી સામાન્ય સમસ્યા ઉકેલવા માટે આટલું પછાત કેમ ?આ પ્રશ્ન પ્રજાને મૂંઝવી રહ્યો છે.

હળવદ પંથકમાં અનેક ઠેકાણે ગેરકાયદેસર બાંધકામ, દબાણો ટાઉન પ્લાનિંગના નિયમોનું વિરુદ્ધ તેમજ મંજૂરી પણ લીધા વગર બંધ કામો ચાલી રહ્યા છે. છતાં પણ તંત્ર મૌન બનીને જોઈ રહ્યું છે. તંતને આંખ આડા કાન રહ્યું છે કે કરવા મજબુર કરે છે? તેવું શહેરીજનોમાં ચર્ચાઇ રહ્યું છે. હળવદને મોડલ સિટી બનાવવાના પ્રજાને દિવાસ્વપનો દેખાડનાર હળવદના નેતાઓ આગેવાનોને વિકાસના કાર્યોમાં રસ નથી. ચૂંટાઈ આવ્યા પછી કોઈ કામ માટે દેખા ન દેતા હળવદ પંથકના લોકોમાં આવા નિંભર નેતા ઉપર ફિટકાર વરસાવી રહ્યા છે.ત્યારે હળવદ પંથકના લોકોમાં ઓમાં એવું ચર્ચાઈ રહ્યું છે કે આગામી દિવસોમાં સમગ્ર નેતાઓની નિભંરતાનો જવાબ આગામી દિવસોમાં લોકો જનાદેશ આપશે તેવું લોકોમાં ચર્ચાઇ રહ્યું છે.(૧.૧૬)

આદિ જિન ચેરી. ટ્રસ્ટ (મુંબઈ) દ્વારા

# મહારાષ્ટ્રના અમરાવતી ખાતે ૨૨મો નિ:શુલ્ક મેગા પશુ સારવાર કેમ્પ




**૧૫૦ ડોકટરોની ટીમ સેવા આપશે, રાજકોટથી એનિમલ ટીમ જોડાશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

આદિ જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહારાષ્ટ્રના અમરાવતી ખાતે ગોકુલમ્ ગૌરક્ષા સંસ્થાના સહયોગથી ૨૨મા નિ:શુલ્ક પશુ સારવાર કેમ્પનું આયોજન કરાયું છે. આ કેમ્પમાં આશરે ૨૫ થી ૩૦ ગામના અંદાજીત ૨૦૦૦ પશુઓને સારવારનો લાભ મળશે. વેટરનરી કોલેજ તેમજ પોલીકલીનીક ના ૧૫૦ ડોકટરો તેમજ રાજકોટથી એનીમલ હેલ્પલાઈનના ડોક્ટરો તેમજ તેમના મદદનીશો સેવા આપશે. જીવદયાના આ મેગા કેમ્પને શુભેચ્છા પાઠવવા માટે સમગ્ર ભારતમાંથી રાજકીય ક્ષેત્રના વિવિધ મહાનુભાવો તેમજ જીવદયાના અનેકવિધ શ્રેષ્ઠીઓ ખાસ ઉપસ્થિત રહેશે.

કેમ્પમાં માંદા પશુની સારવાર, પ્રજનન સંબંધી બીમારીની સારવાર, કૃમિનાશક ઉપચાર (ડી-વોર્મિંગ), રક્ત પરીક્ષણ સોનોગ્રાફી, શસ્ત્રક્રિયા (સર્જરી કોઈપણ પ્રકારની ગાંઠ, હરણીયા, પ્લાસ્ટીક કોથળી, આંખ, શીંગડાનું કેન્સર, હાડકાનું ફેંકચર ઈત્યાદી) સહીતની સારવાર નિ:શુલ્ક કરાશે. સાથમાં પશુઓ માટે જયપુર ફુટ કેમ્પ પણ યોજાશે. સાથમાં જ અલગ અલગ રોગો જેવા કે કેન્સર, સાંધાના દુ:ખાવા, મણકાના દુ:ખાવાથી બચવા માટે ગૌ આધારીત પંચગવ્ય પ્રોડકટસ કે જેનાથી કોઈ આડઅસર થતી નથી તેના સ્ટોલ તથા ફૂટ ફેસ્ટીવલ સ્ટોલ નાંખવામાં આવશે. કેમ્પમાં ઉપસ્થિત રહેનાર લોકોને આ અંગેની માહિતી આપવામાં આવશે. રવીવાર તા.૧૯/૧૨ ના રોજ સવારે ૯ થી ૫-૩૦ સુધી ગામ અમરાવતી (મહારાષ્ટ્ર) ખાતે યોજાયેલા આ મેગા, નિ:શુલ્ક પશુ સારવાર કેમ્પને સફળ બનાવવા જયેશભાઈ શાહ (જરીવાલા) (મો.૯૯૨૦૪ ૯૪૪૩૩), ભરતભાઈ મહેતા (મો.૯૩૨૨૨૨૨૯૨૮), અશોકભાઈ લોઢા (મો.૯૮૨૦૨ ૭૪ ૬૨૦), હિતેશભાઈ સંઘવી (મો.૯૮૭૦૦ ૪૩૨૭૨) તેમજ આદિ જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટની સમગ્ર ટીમ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.(૧.૧૬)

## માણાવદર તાલુકા કોંગ્રેસ તથા જૂનાગઢ જીલ્લા ઉપપ્રમુખની વરણી



**(ગીરીશ પટેલ દ્વારા)** માણાવદર, તા.૨૬: માણાવદર તાલુકા કોંગ્રેસમાં પ્રદેશ સમિતિ પ્રભારી રઘુ શર્મા અને પ્રમુખ અમિત ચાવડાની સૂચનાથી જી. કોંગ્રેસ પ્રમુખ નટુભાઈ પોકિયાએ તા.કોંગ્રેસ પ્રમુખ તરીકે આહિર સમાજના આગેવાન જીગ્નેશભાઈ છૈયાની તાલુકા માટે અને અરવિંદભાઈ લાડાણીની જીલ્લા ઉપપ્રમુખ તરીકે નિમણૂંક કરેલ છે.(૧.૧૬)

# કાલે કાલભૈરવ જયંતિ: પિતૃ તર્પણ તથા તિર્થમાં સ્નાન કરવું ઉત્તમ

કારતક વદ આઠમ ને શનિવારે તા.૨૭ ના દિવસે કાલભૈરવ જયંતિ છે શનિવારે કાલ ભૈરવ જયંતિ ઉત્તમ ગણાય છે શિવ રહસ્યમાં કહેવા પ્રમાણે નિત્ય યાત્રા વગેરે કર્યા પછી મધ્યાને સમય થયો ત્યારે બ્રહ્માએ શંકરનો અનાદર કર્યો ત્યારે ઉગ્રરૂપ વાળા રૂદ્રમાંથી કાલભૈરવ પ્રગટ થયા શિવરહસ્યમાં જણાવ્યા પ્રમાણે કાલભૈરવની ઉત્પતિ મધ્યાન સમયે થયેલી છે.



કાલ ભૈરવ જયંતિના દિવસે કાલ ભૈરવનું પૂજન કરવાથી આખુ વર્ષ વિધ્નો નથી આવતાં આ દિવસે પિતૃ તર્પણ કરવું તથા તિર્થમાં સ્નાન કરવું પણ ઉત્તમ છે. આ દિવસે પિતૃ તર્પણ કરવાથી બધા જ પિતૃઓને નર્કમાંથી મુક્તિ મળે છે. કાલ ભૈરવની પુજાનું મહત્વ રાતનું વધારે છે. નારદ પુરાણ પ્રમાણે કાલ ભૈરવની પુજા કરવાથી બધી જ મનોકામનાં પૂર્ણ થાય છે. અને બીમારીઓ દૂર થાય છે. કાલ ભૈરવ જયંતિના દિવસે વેલા ઉઠી અને સ્નાન કરી ત્યારબાદ સવારે મહાદેવજીનું પૂજન કરવું અને રાત્રે ધુપ કાળા તલના તેલનો દિવો અથવા સરસવના તેલનો દીવો કરીને અળદ ચડાવી કાલ ભૈરવ પુજન કરવું નેવેધમાં ગાઠીયા ધરાવા અને આ દિવસે કાળા કૂતરાને રોટલી નાખવી. તે ઉપરાંત કાલ ભૈરવને અળદની દાળના વળા ગોળના લાડુ ગાઠીયા ધરાવી શકાઈ છે, આમ આ કાલ ભૈરવ દાદાની આ સાત્વિક પૂજા છે.

કાલ ભૈરવ એટલે શંકર ભગવાનનું જ એક સ્વરૂપ છે કોઈપણ પૂજાની શરૂઆતમાં કાલ ભૈરવ દાદાનું ધ્યાનનો શ્લોક બોલવામાં આવે છે અને કાલભૈરવ મહાદેવજીના ગણ છે જે કળયુગમાં તુરત ફળદાઈ છે. કાલભૈરવ દાદાની પૂજા કરવાથી જીવનમાં બધી જ રીતે રક્ષા મળે છે.

**(શાસ્ત્રી રાજદીપ જોષી)**

# રેલનગરમાં રહેણાંક મકાનમાં જૂગારધામમાં ક્રાઈમ બ્રાંચનો દરોડો

## પીઆઇ વી.કે.ગઢવીની રાહબરીમાં પીએસઆઇ પી.બી.જેબલીયાની ટીમનો દરોડોઃ ૫૬ હજારની રોકડ સાથે ૯ પકડાયા



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

રાજકોટમાં રેલનગર પાસે અમી રેસીડેન્સીમાં અશોકસિંહ જાડેજાના મકાનમાં ક્રાઇમ બ્રાન્ચે દરોડો પાડીને જુગાર રમતા નવ શખ્સની ધરપકડ કરી રૂ.૫૨ હજારની રોકડ પણ કબ્જે કરી હતી.

પોલીસે અશોકસિંહ ખુમાનસિંહ જાડેજા (ઉ.વ ૫૦) ધંધો ચા પાન કેબીન રહે. અમી રેસીડેન્સી મકાન નં. ૩૩ સનરાઇઝ સ્કુલની સામે રેલનગર રાજકોટ, કિશોર મગનભાઇ ઠક્કર જાતે, (ઉ.વ.૬૮) ધંધો. નિવૃત રહે કેવડાવાડી મેઇનરોડ શાક માર્કેટ પાસે ડીલક્ષ પાન ઉપર રાજકોટ, માધવજી પરસોતમભાઇ પનારા (ઉ.વ.૬૨) ધંધો. ઇમીટેશન રહે. એર્સન રેસીડેન્સી શેરી નં ૦૩ રાધામીરા પાર્ક રેલ્વે ફાટક પાસે મોરબી રોડ રાજકોટ, પ્રશાંતભાઇ પરસોતમભાઇ રાઠોડ (ઉ.વ.૫૧) ધંધો. રી.ડ્રા. રહે, બંસીધર પાર્ક શેરી નં ૦૨ શાંતીનગરની, ગીરીશ વિરજીભાઇ ઘરસંડીયા જાતે પેટલ (ઉ.વ.૫૮) ધંધો.પ્રા.નોકરી રહે. માયાણીનગર શેરી નં ૦૪ બેકબોન શોપીંગ સેન્ટરની બાજુમાં ફાયર બ્રિગેડ રોડ જિ.રાજકોટ, ધીરૂ કાનજીભાઇ કોરાટ (ઉ.વ. ૬૩) ધંધો બકાલા નો રહે ગીતાજંલી સોસાયટી શેરી નં ૦૩ નિલકંઠ ટોકીઝ સામે કોઠારીયારોડ રાજકોટ, રમેશ કેશુભાઇ ભગદેવ ઉવ ૩૩ ધંધો નિવૃત રહે જય જલારામ અક્ષરનગર શેરી નં ૦૩ લાખના બંગ્લા વાળા રોડ ગાંધીગ્રામ રાજકોટ, પ્રકાશ ગાંડાલાલ મહેતા (ઉ.વ.૬૨) ધંધો પ્રા.નોકરી રહે મુકેશભાઇ જોષીના મકાનમાં ભાડે થી શાંતીનિકેતન સોસાયટી બ્લોક ન એ/૦૬ દેવજીવન હોટલની બાજુમાં રામાપીર ચોકડી પાસે રાજકોટ અને દિપક વસંતરાય જાની (ઉ.વ.૬૬) ધંધો નિવૃત રહે નંદનવન સોસાયટી શેરી નં ૦૪ નાણાવટી ચોક પાસે ૧૫૦ ફુટ રીંગ રોડ રાજકોટની ધરપકડ કરી જુગાર રમવાના ૯૬ ટોકન, રોકડ ૫૬ હજાર અને ગંજીપાના કબ્જે લીધા છે. પેટ્રોલીંગ દરમિયાન હેડ.કોન્સ ક્રિપાલસિંહ જાડેજા, પો.કોન્સ મૈસુર કુંભારવાડીયા તથા નિતેષભાઇ બારૈયાને મળેલ બાતમી આધારે પીઆઇ વી.કે.ગઢવી તથા પો.સબ.ઇન્સ પી.બી.જેબલીયા તથા પો.હેડ.કોન્સ અંશુમાનભા ગઢવી, વિક્રમભાઇ ગમારા, ક્રિપાલસિંહ જાડેજા, સુભાષભાઇ ઘોધારી, જીગ્નેશભાઇ મારૂ તથા પો.કોન્સ પ્રતાપસિંહ મોયા, દેવાભાઇ ધરજીયા, નિતેશભાઇ બારૈયા તથા મૈસુરભાઇ કુંભારવાડીયાએ આ દરોડો પાડ્યો હતો.(૯)

# મોરબીના મહેન્દ્રનગર ગામે યુવતીનો ગળાફાંસો ખાઈ આપઘાત



મોરબી તા. ૨૬

મોરબીના મહેન્દ્રનગર ગામે વણકરવાસમાં રહેતી યુવતીએ પોતાની માતાએ ઘરકામ બાબતે ઠપકો આપતા ગળાફાંસો ખાઇને આપઘાત કરી લીધેલ છે.

જેથી તેના મૃતદેહને મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો અને આ બનાવની મોરબી સીટી બી ડિવિઝન પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે બનાવની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવની જાણવા મળતી વિગત પ્રમાણે મોરબી નજીકના મહેન્દ્રનગર ગામે વણકરવાસની અંદર રહેતા દયાબેન વિજયભાઈ પરમાર (ઉંમર ૨૧) એ પોતાની માતાએ ઘરકામ બાબતે ઠપકો આપતાં, લાગી આવતા ગળાફાંસો ખાઇને આપઘાત કરી લીધો હતો.

જેથી કરીને તેના મૃતદેહને પીએમ માટે મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો અને ત્યારબાદ આ બનાવની મોરબી સીટી બી ડિવિઝન પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે યુવતીના આપઘાતના બનાવની નોંધ કરીને આગળ રાબેતા મુજબની કાર્યવાહી હાથ ધરી છે.

# વોર્ડ નં.૧૩ માં કોંગ્રેસનું જન જાગરણ-સભ્ય નોંધણી અભિયાન યોજાયું



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ અમિતભાઈ ચાવડાની સુચના અનુસાર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે વોર્ડ નં.૧૩ માં જન જાગરણ અભિયાન અંતર્ગત કોંગ્રેસ દ્વારા પગપાળા લોકસંપર્ક કરી પેટ્રોલ, ડીઝલ, ગેસ, ખાદ્યતેલ જેવી જીવન જરૂરી ચીજવસ્તુના ભાવમાં અસહ્ય વધારો અને કોરોના કાળમાં સરકારની નિષ્ફળ કામગીરી અંગે પત્રિકા વિતરણ કરી લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા.

દરેક વર્ગના લોકોનું કોંગ્રેસ પક્ષના જન જાગરણ અને સભ્ય નોંધણી અભિયાનને સમર્થન મળ્યું હતું.

જન જાગરણ અને સભ્ય નોંધણી અભિયાનમાં શહેર કોંગ્રેસ પ્રમુખ અશોકભાઈ ડાંગર, કાર્યકારી પ્રમુખ પ્રદીપભાઈ ત્રિવેદી, રાજકોટ મનપાના વિરોધપક્ષના નેતા ભાનુબેન સોરાણી, પૂર્વ પ્રમુખ મહેશભાઈ રાજપૂત, પ્રભારી ડો. હેમાંગભાઈ વસાવડા, જસવંતસિંહ ભટ્ટી, દિપ્તીબેન સોલંકી, ભાર્ગવભાઈ પઢીયાર, સહપ્રભારી પ્રભાતભાઈ ડાંગર, વોર્ડ પ્રમુખ વિજયસિંહ જાડેજા, પૂર્વ કોર્પોરેટર રવજીભાઈ ખીમસુરીયા, કમલેશભાઈ કોઠીવાર, હેમલભાઈ પેસીવાડીયા, સંકેતભાઈ રાઠોડ, રણજીતભાઈ જરીયા, નારણભાઈ હીરપરા, હર્ષ પટેલ, પુષ્પાબેન જરીયા, જાનુંબેન જરીયા, હંસાબેન સાપરિયા, સહિતના આગેવાનો કાર્યકરો જોડાયા હતા તેવું કોંગ્રેસ કાર્યાલય મંત્રી ગોપાલ મોરવાડિયાની યાદીમાં જણાવાયું છે.(૧.૬)

## જામનગરના લાલપુર રોડ પર સંગમ બાગ નજીક મોટરકારમાં અચાનક આગ ભભૂકી



# "ઓપન સૌરાષ્ટ્ર રોલર સ્કેટીંગ સ્પર્ધામાં વિજેતા થનાર બાળકોનું સન્માન"



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

રાજકોટ ખાતે ઓપન સૌરાષ્ટ્ર રોલર સ્કેટીંગ સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં સ્પીડ સ્કેટીંગ ( ટેનાસીટી , કવાર્ડ , ઈનલાઈન ) રીલે રેસ , આર્ટીસ્ટીક જેવી વિવિધ સ્પર્ધા યોજાઈ જેમાં પુજા હોબી સેન્ટરના બાળકોએ ઉત્તમ દેખાવ કરી ૧૨ ગોલ્ડ, ૧૦ સિલ્વર તથા ૮ બ્રોન્ઝ મેડલ મેળવેલ હતા.

તમામ સ્પર્ધા અલગ - અલગ એઈજગૃપમાં યોજાઈ અને ગર્લ્સ-બોયઝ એમ બે વિભાગમાં યોજાઈ. સ્પીડ સ્કેટીંગમાં પુજા હોબી સેન્ટરના બાળકોએ ૨ ગોલ્ડ મેડલ, ૨ સિલ્વર મેડલ તથા ૫ બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. આર્ટીસ્ટીક સ્કેટીંગમાં બાળકોએ ૧ ગોલ્ડ અને ૧ સિલ્વર મેડલ મેળવેલ છે. ટેનાસીટી સ્પીડ સ્કેટીંગમાં ૩ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૩ બ્રોન્ઝ મેડલ મેળવેલ છે . રીલે રેસમાં ટેનાસીટીમાં ૫ બાળકોએ બ્રોન્ઝ મેડલ મેળવેલ હતો. કવાર્ડ રીલે રેસમાં બાળકોએ ૫ ગોલ્ડ, ૫ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ મેળવેલ છે . ઉપરોકત તમામ સ્પર્ધામાં ૭ વર્ષની રાહી નાગવેકરે ૩ ગોલ્ડ મેડલ મેળવી ઓવર ઓલ ચેમ્પીયનશીપ પ્રાપ્ત કરેલ છે. આ તમામ બાળકોને પુજા હોબી સેન્ટરના ડો. પુજા રાઠોડ - દીપુદીદી તથા શ્રીમતી પુષ્પાબેન રાઠોડ તાલીમ આપી રહ્યા છે. ઉપરોકત તમામ બાળકોનું ટૂંક સમયમાં જ રાજકોટના નામાંકિત મહેમાનોના હસ્તે હેમુગઢવી હોલમાં સન્માન કરવામાં આવશે.(૧.૧૩)

# અમરેલી જિલ્લામાં રવિપાકના વાવેતરમાં વધારો



**દર વર્ષની સરખામણીએ આ વર્ષે ૨૦ હજાર હેક્ટરમાં વાવેતર વધ્યું**

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લામાં શિયાળાની શરૂઆત સાથે રવિપાકના વાવેતરનું શરૂઆત પણ થઈ ગઈ છે અને સરેરાશ ૯૦૬૭૨ હેકટરમાં વાવેતર થાય છે તેની સામે આ વર્ષે ૧૧૧૪૭૭ હેકટરમાં વિવિધ પાકનું વાવેતર થયું છે. જેમાં ત્રણ વર્ષની સરેરાશ કરતા ૨૦ હજાર હેકટરનો વધારો થયો છે.


અમરેલી જિલ્લામાં સામાન્ય રીતે પિયતની પુરતી વ્યવસ્થા ન હોવાના કારણે મુખ્યત્વે ચોમાસામાં જ ખેતી થાય છે અને ચોમાસાની સામ રવિપાકનું પ્રમાણ ખૂબ જ ઓછું છે.

સામાન્ય રીતે ચોમાસામાં ૫ લાખથી વધુ હેકટરમાં વાવેતર થાય છે. જયારે શિયાળામાં એક લાખ હેકટરની આસપાસ રહે છે. જિલ્લામાં જયાં પિયતની વ્યવસ્થા છે ત્યાં જ ઘઉંનું વાવેતર થયું છે અને આ રીતે જિલ્લામાં ૧૧૯૯૯ હેકટરમાં ઘઉં વવાયા છે. જિલ્લામાં આ વર્ષે પણ સૌથી વધુ ૬૯૯૬૪ હેકટરમાં ચણાનું વાવેતર થયું છે. ૨૪૫૫ હેકટરમાં જીરૂ, ૪૯૫૨ હેકટરમાં ધાણા, ૩૯૯૫ હેકટરમાં લસણ, ૭૩૯૦ હેકટરમાં ડુંગળી, ૪૧ હેકટરમાં સવા, ૧૬ હેકટરમાં ઈસબગુલ, ૩ હેકટરમાં વરિયાળી વાવવામાં આવી છે.

જિલ્લામાં શાકભાજી અને પશુઓ માટે ઘાસચારાની પણ આવશ્યકતા રહેતી હોવાથી ૨૫૦૩ હેકટરમાં શાકભાજી અને ૭૪૩૫ હેકટરમાં ઘાસચારાનું પણ વાવેતર કરવામાં આવ્યું છે. તાલુકાવાઈઝ જોઈએ તો જિલ્લામાં સૌથી વધુ બાબરા તાલુકામાં ૧૮૨૫૬ અને સૌથી ઓછું લીલીયા તાલુકામાં માત્ર ૯૭૦ હેકટરમાં વાવેતર થયું છે.(૯.૧૩)

# મિશન ૨૦૨૨ અંતર્ગત 'આપ' પ્રદેશ ટીમ દ્વારા સમીક્ષા બેઠક યોજાઇ

## કિશનભાઈ પરમારનો આજે જન્મદિવસ



રાજકોટઃ મનપાના વોર્ડ નં. ૧૫ ના યુથ કોંગ્રેસના કિશનભાઈ પરમારનો જન્મદિવસ છે. શહેર ભાજપ યુથ કોંગ્રેસના અગ્રણી, મિત્ર-વર્તુળો, પરિવારજનો શુભેચ્છા પાઠવી રહ્યા છે. કિશનભાઈના જન્મદિવસ પર સૌરાષ્ટ્ર ક્રાંતિ પરિવાર તરફથી શુભકામનાઓ..



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા આગામી ચૂંટણી સંદર્ભે રાજકોટ શહેર સંગઠન વિશેની કામગીરી જેવીકે પોલીંગ ઈન્ચાર્જ, બુથ ઈન્ચાર્જ તથા બુથ કમીટી, વોર્ડ વાઈઝ વિવિધ મોરચાના સંગઠનોની રચના અને આજસુધીમાં થયેલ સંગઠન અંગેની કામગીરીના લેખા - જોખા તેમજ જરૂરી માર્ગદર્શન માટે શહેર ટીમમાંથી શહેર અધ્યક્ષ શિવલાલભાઈ પટેલ, સંગઠન મહામંત્રી રાહુલભાઈ ભુવા, મંત્રી રમેશભાઈ ગોજારીયા, સોશ્યલ મિડીયા ઈન્ચાર્જ હિતેશભાઈ ચૌહાણ જરૂરી માહિતી સાથે અમદાવાદ ખાતે બોલાવેલ હતા . રાજકોટ શહેરની વિસ્તૃત માહિતીના અભ્યાસ બાદ ગુજરાત પ્રદેશ પ્રભારી ગુલાબસિંહ યાદવ હર્ષ સાથે જણાવેલ કે રાજકોટ શહેર સંગઠનની બાબતમાં ખૂબ જ આગળ વધી રહયુ છે અને તેઓએ ખાસ ભારપૂર્વક જણાવેલ કે આગામી મિશન - ૨૦૨૨ અંગે રાજકોટ પાસેથી સારા પરીણામની આશા સાથે અભિનંદન પાઠવ્યા હતા. આ મિટીંગમાં ગુજરાત પ્રદેશ ટીમમાં ગુજરાત પ્રદેશ પ્રભારી ગુલાબસિંહ યાદવ, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ગોપાલભાઈ ઈટાલીયા, સહપ્રભારી રાજેશભાઈ શર્મા, ઉપાધ્યક્ષ ભેમાભાઈ ચૌધરી, મહામંત્રી સાગરભાઈ રબારી, મહામંત્રી જયદિપભાઈ પંડયા તેમજ ગુજરાત પ્રદેશ ટીમના તમામ હોદેદારો ઉપસ્થિત રહેલ. તે બાબતની શહેર અધ્યક્ષ શિવલાલ પટેલની અખબારી યાદી જણાવે છે.(૧.૧૧)

### સરગમ પરિવારના સભ્યો માટે મુંબઈના બે પ્રખ્યાત

# 'આટલી બાટલી ફૂટલી અને બાપુજી રીટાયર થાય છે' નાટ્ય શો નું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા. ૨૭

સરગમ-પરિવારના સભ્યો માટે મુંબઈના બે પ્રખ્યાત નાટ્ય શો નું આયોજન કરાયું છે. મુંબઈનું નાટક અરવિંદ વૈદ દિગ્દર્શિત અને નિમેશ શાહ લિખિત આટલી બાટલી ફૂટલી નાટકમાં પરેશ ભટ્ટ, રીતિકા શાહ, યશ શાહ, નેહા ઉદાણી, પીયુષ અટીકા અને અજય પારેખ વગેરેએ અભિનયના ઓજસ પાથર્યા છે.

સરગમ લેડીઝ કલબના સભ્યો માટે આ નાટક તા. ૩૦ મી નવેમ્બરે બપોરે ૩-૩૦ થી ૬ વચ્ચે યોજાશે.

સરગમ કપલ કલબ માટે આ નાટ્ય શો સભ્ય સંખ્યા નંબર ૧ થી ૧૦૦૦ માટે તા. ૩૦મી નવેમ્બરે રાત્રે ૯-૪૫ થી ૧૨-૩૦ સુધી યોજાશે. જયારે સભ્ય નંબર ૧૦૦૧ થી ૧૬૦૦ માટે તા. ૧લી ડિસેમ્બરે રાત્રે ૯-૪૫ થી ૧૨-૩૦ દરમિયાન યોજાશે. સરગમ સિનિયર સીટીઝન કલબના સભ્યો માટે આ શો તા. ૧ લી ડિસેમ્બરે સાંજે ૬-૩૦ થી ૯ વચ્ચે યોજાશે. સરગમ જેન્ટ્સ કલબના સભ્યો, દાતાઓ અને આમંત્રિતો માટે આ નાટ્ય શો તા. ૧લી ડીસેમ્બરે રાત્રે ૯-૪૫ થી ૧૨-૩૦ વચ્ચે યોજાશે.

મુંબઈનું નાટક બાપુજી રીટાયર થાય છે એક પારિવારિક કોમેડી નાટક છે. અનુરાગ પ્રપન્ન અભિનિત અને આસિફ પટેલ નિર્મિત આ નાટકમાં જય કાપડિયા, કલ્યાણી ઠાકર, ભકિત મણીયાર અને હિતેશ પારેખ વગેરે અભિનય આપી રહ્યા છે.

સરગમ લેડીઝ કલબના સભ્યો માટે આ નાટક તા. ૪ થી ડિસેમ્બરે બપોરે ૩-૩૦ થી ૬ વચ્ચે યોજાશે. સરગમ કપલ કલબ માટે આ નાટ્ય શો સભ્ય સંખ્યા નંબર ૧ થી ૧૦૦૦ માટે તા. ૪થી ડિસેમ્બરે રાત્રે ૯-૪૫ થી ૧૨-૩૦ સુધી યોજાશે. જયારે સભ્ય નંબર ૧૦૦૧ થી ૧૬૦૦ માટે તા. ૫ મી ડિસેમ્બરે રાત્રે ૯-૪૫ થી ૧૨-૩૦ દરમિયાન યોજાશે.

સરગમ સીનીયર સીટીઝન કલબના સભ્યો માટે આ શો તા.૫મી ડિસેમ્બરે સાંજે ૬-૩૦ થી ૯ વચ્ચે યોજાશે. સરગમ જેન્ટ્સ કલબના સભ્યો, દાતાઓ અને આમંત્રિતો માટે આ નાટ્ય શો તા. ૫ મી ડીસેમ્બરે રાત્રે ૯-૪૫ થી ૧૨-૩૦ વચ્ચે યોજાશે

આગામી નવા કાર્યક્રમમાં તા.૨૯/૩૦ ડીસેમ્બરે મુંબઈનું નાટક ત્તેમજ ૩૧ ડીસેમ્બર ભવ્ય મ્યુઝીકલ નાઈટ સાથે ડીનર અને તા.૧ અને ૨ જાન્યુઆરી હસાયરા નો પ્રોગ્રામ રાખવામાં આવેલ છે.

આ કાર્યક્રમોને સફળ બનાવવા માટે ગુણવંતભાઈ ડેલાવાળાના



માર્ગદર્શન હેઠળ મૌલેશભાઈ પટેલ, નીલુબેન મહેતા, મીતેનભાઈ મહેતા, ગીતાબેન હિરાણી, ભરતભાઈ સોલંકી, રાજેન્દ્રભાઈ શેઠ, જયસુખભાઈ ડાભી વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.(૧.૧૩)

# આટકોટ સ્વામિનારાયણ મંદિર પાસે કચરાના ઢગલા હટાવાયા



આટકોટઃ સ્વામીનારાયણ મંદિર પાસે ગઢ પાસે પડેલા કચરાના ગંજ ઉંપાડવાની કામગીરી સરપંચ, પ્રતિનિધિ દેવશીભાઈ ખોખરીયા દ્વારા કરવામાં આવતા લોકોમાં રાહતની લાગણી ફેલાઈ ગઈ હતી. અહીં લોકોને ચાલવુ પણ મુશ્કેલ પડતુ હોય ત્યારે કચરાના ગંજ જે હતા તેને લોડરથી ઉંપાડી લેવાની કામગીરી કરવામાં આવી હતી.




Dt.26-11-2021 8 શુક્રવાર

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

મતદાર યાદી સુધારણા કાર્યક્રમ-૨૦૨૨ નો લાભ લેવા

## શહેરીજનોને અનુરોધ કરતી મનપાની ચૂંટણી શાખા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

મતદાર યાદી સુધારણા કાર્યક્રમ-૨૦૨૨ અન્વયે તા.૩૦/૧૧ દરમિયાન વિધાનસભાની મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત રાજકોટ શહેરના નાગરિકો પોતાનું નામ મતદાર યાદીમાં ચકાસવા અને જરૂર જણાય તો સુધારવા તેમજ જો મતદાર યાદીમાં નામ ન હોય તો પોતાનું નામ ઉમેરવા માટે માર્ગદર્શન અર્થે ચૂંટણી શાખાની મુલાકાત લેતા હોય ત્યારે તેઓને ચૂંટણી શાખા દ્વારા અરજદારોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે.

જેથી મતદાર યાદી ક્ષતિ રહિત બને અને મતદાનનાં દિવસે મતદાન વધુ ને વધુ થઇ શકે. વધુ જાણકારી માટે રાજકોટ મહાનગરપાલિકાની ઇલેકશન શાખાના ફોન નંબર ૦૨૮૧-૨૨૨૧૬૪૦ નો સંપર્ક કરી શકશે.(૧.૧૬)

## સૌરાષ્ટ્રમાં ઓબીસી સમાજના કહેવાતા હિત ધારકોને ચૂંટણી સમયે ફરી એકાએક યાદી આવી...!

### ચૂંટણીઓ સમયે જેમને સમાજ યાદ આવે છે એ તમામની ચિંતાઓ ચૂંટણી પછી કેમ ઓસરી જાય છે? હવે ઓબીસી સમાજ દ્વારા આવા નેતાઓને સવાલ પૂછવા જરૂરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

જયારે-જયારે વિધાનસભાની કે એવી જ મહત્વની સંસદીય ચૂંટણીઓ નજીક આવે છે ત્યારે એકાએક પછાત પીડિત, અવગણીત અને વિકાસમાં પાછળ રહી જતા વિવિધ સમાજોનાં હિતોની વાતનો ઝંડો લઈને અચાનક ચોક્કસ નેતાઓ એમના ભૂગર્ભ આવાસમાંથી બહાર નીકળી પડે છે. અને ઓબીસી સમાજની પ્રગતિ અને કલ્યાણ માટેની વાતોનાં વડા કરવા લાગે છે. આવા ચોક્કસ રાજકીય હિત અને હેતુ ધરાવનારાઓની આવી સ્થાપિત વર્ષો જૂની રાજકીય પરંપરા રહી છે. જેનું અચૂકપણે આ વર્ગ પાલન કરતો રહે છે. ચૂંટણીઓ આવે એ પહેલાથી ઓબીસી સમાજની ચિંતાનો સૂર વ્યક્ત કરવામાં આવતો રહે છે, કામચલાઉ ખાંડા ખખડાવવામાં આવવા લાગે છે, સમાજ માટે મગરનાં આંસુ સારવાનું શરૂ કરી દેવામાં આવે છે અને પછી શું થાય છે એ ઓબીસી સમાજ દર વખતે જોતો રહી જાય છે.

ચૂંટણીઓની પ્રક્રિયા પતી જાય એટલે ઓબીસી સમાજવતી દોડધામ કરવા લગતા કહેવાતા હિત ચિંતક ઝંડાધારીઓ ક્યાં ખોવાઈ જાય છે એ ખબર પડતી નથી અને પાંચ વર્ષ સુધી એમનો કોઈ અતોપતો લાગતો નથી. ઓબીસી સમાજ ઠેરનો ઠેર રહે છે. ચૂંટણી વખતે ગાજેલા એમના પાયાનાં પ્રશ્નો ફરીવખત અવગણનાનાં અંધકારમાં ઢબુરાઈ જાય છે અને ઓબીસી સમાજ જોતો રહે છે. ઉત્સાહભેર જેમની વાતોથી દોરવાઈ જઈને ખોબલે-ખોબલે મતો આપીને આવ્યા હોય છે. એ સમાજના તમામ વર્ગોને ઉપયોગ થઇ ગયા પછી ભુલાવી દેવામાં આવે છે અને કહેવાતા હિત ચિંતકો અચાનક ગાયબ થઇ જાય છે. ફરી એકવખત આ પરિસ્થિતિનું પુનરાવર્તન થતું દેખાઈ છે.

ચોક્કસ સમાજ અને વર્ગોનો વોટ બેંક તરીકે જ ઉપયોગ એ આપણા દેશ કે રાજ્યના રાજકારણમાં કોઈ નવી ઘટના નથી. આવું દરેક ચૂંટણી વખતે નિયમિત રીતે બનતું રહે છે અને નિયમિત રીતે ઓબીસી વર્ગો ભોળાભાવે છેતરાતા રહે છે. એમનો સસ્તામાં ક્યારે રાજકીય સોદો થઇ જાય છે અને હિત ચિંતકો કેવી રીતે આખો કેક ખાઈને ઓડકાર લેવા પણ રોકાતા નથી. એ રાજકીય વિડંબણા ને દુષચક્ર પર કદી પૂર્ણવિરામ મુકાતો નથી અને વિષચક્ર ચાલતું રહે છે. એ રાજકીય ઈતિહાસ ખૂબ જ જાણીતો થઇ ગયો છે. પરિણામે જયારે-જયારે આવા મૌસમી આગેવાનો ચોક્કસ સમાજની ચિંતા કરનારા બહાર આવે છે ત્યારે એમને નજીકથી જાણનારા રાજકીય નિરીક્ષકો મુછમાં હસતા રહે છે.

જો કે હવે પરિવર્તનનો સમય પાકી ગયો છે. ઓબીસી સમાજે હવે રાજકીય પરિપકવતા અનેસ સમજણનું ઉદાહરણ પ્રસ્થાપિત કરવું પડશે. નહિતર ફરી વખત એમનો રાજકીય દૂરઉપયોગ થઇ જશે અને એમની હથેળીમાં ચાંદ સિવાય કશું નહીં બચે. વચનોની લહાણી કરનારા એમના રાજકીય લક્ષ્યાંકો પુરા કરી લેશે અને ઓબીસી સમાજનાં કોઈ પ્રશ્નો એમની મરજી મુજબ હલ નહીં થાય બલ્કે સરકારી તુમારશાહીનાં જંગલોમાં અટવાતા રહેશે. ઓબીસી સમાજે ખરેખર એમના કલ્યાણ અને હિત પ્રતિ ધ્યાન આપનારા નિષ્ઠાસીર, પ્રામાણિક અને વચન પાલક હોય એવાને જ પોતાના પ્રતિનિધિ તરીકે ચૂંટી કાઢવા જોઈએ.

નહિતર વિકસિત સમાજ સાથે કદમ મિલાવવાની એમની તમન્નાઓ કદી સાકાર થશે નહીં. એ માટે ઓબીસી સમાજે પણ રંગ, જાતિ, જ્ઞાતિ અને ધર્મનાં વિચારોથી ઉપર ઉઠીને પ્રતિનિધિ કાર્યશીલ અને કર્મઠ છે કે નહીં એ દિશામાં વિચારવાનો અને એવા પ્રતિનિધિ પસંદ કરવાનો સમય એમના માટે પાકી ગયો છે.(૨.૧૨)

**જયારે-જયારે ચૂંટણી આવે ત્યારે નીકળી પડતા આવા નેતાઓની ફોજનો મૂળ આશય અંગત રાજકીય લાભ ખાટવાનો જ હોય એ હકીકત સમજવા ઊંડા સંશોધનની જરૂર નથી; તાજેતરમાં ફરીવાર ઓબીસી સમાજને એક કરવાનો જે અવાજ ઉઠ્યો છે તેમાં સચ્ચાઈ ઓછી, દંભ વધુ હોવાનો રાજકીય નિષ્ણાંતોનો સ્પષ્ટ મત**

## શેરી ફેરીયાઓને લોન સહાય, બેંકો દ્વારા મેગા કેમ્પનું આયોજન

### કાલે મનપાની સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે કેમ્પ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

ભારત સરકાર દ્વારા સેવા અને સંકલ્પના ૧૦૦ દીવસ અંતર્ગત શેરી ફેરિયાઓ માટે PMSVANidhi યોજના મારફત શેરી ફેરિયાઓ તેઓની આજીવિકા પુનઃસ્થાપિત કરી આત્મનિર્ભર બને તે હેતુસર વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આયોજન જાહેર કરવામાં આવેલ છે. તેમનો વ્યવસાય શરુ કરી શકે તે હેતુથી રૂ.૧૦ હજાર સુધીની વર્કિંગ કેપિટલ લોન સિક્યુરીટી વિના બેંકો મારફત મળવાપાત્ર થાય છે. જેનો મહત્તમ લોકોને લાભ મળી રહે તે માટે શહેરની વિવિધ બેંકો દ્વારા કાલે સવારે ૧૦ થી ૫ વાગ્યા સુધી રોજ રાજકોટ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે મેગા કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા, બેન્ક ઓફ બરોડા, એકસીસ બેન્ક, આઇ.સી.આઇ.સી.આઇ. બેન્ક, એચ.ડી.એફ.સી. બેન્ક, કોટક બેન્ક, સેન્ટ્રલ બેન્ક સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડીયા, યુનિયન બેન્ક, દ્વારા એક જ દિવસમાં મહત્તમ લાભાર્થીઓની અરજીઓ મંજુર થાય તે માટે જે લાભાર્થીઓને મનપા અથવા બેંક દ્વારા ટેલીફોનીક જાણ કરાયેલ હોય તેવા તમામ લાભાર્થીઓએ કેમ્પ સ્થળે આધાર કાર્ડ, પાન કાર્ડ, ચુંટણી કાર્ડ, રેશન કાર્ડ, બેન્ક પાસબુક તમામ ડોક્યુમેન્ટની ઝેરોક્ષ તથા બે પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે રાખી મહાનગરપાલિકા સભાગૃહ ખાતે કાલે શનિવારે સવારે ૧૦ થી ૫ વાગ્યા સુધીમાં અચુક હાજર રહેવા અનુરોધ કરવામા આવે છે. (૧.૧૩)

**કલેકટર તંત્ર દ્વારા કામગીરીઃ કોરોના સહાય; ૧૪૪ને નાણા ચૂકવાયા; પ્રાથમિક તબકકે રાજકોટ શહેર-જીલ્લામાં ૭૩૮ સહાયપાત્ર ફાઈનલ કરાયા**

**રાજકોટ યાર્ડમાં મગફળીની ૧ લાખ ગુણીની જંગી આવકઃ ભાવ ઘટયા**

## ફિર વહી શામ, વહી ગમ, વહી તન્હાઈ હૈઃ રાજકોટ મનપાને અર્પણ






(તસવીરઃ દિલીપ ગોહેલ)

રાજકોટઃ રાજકોટ શહેરમાં બહુ જોરશોરથી દબાણ હટાવાની કામગીરી શરૂ કરવામાં આવી રહી છે. પરંતુ ઘણા વિસ્તારોમાં આજે પણ નજર કરીએ તો બકરૂ કાઢતા ઉંટ પેઠું એવી પરિસ્થિતિ જોવા મળે છે. ઉપરની તસ્વીર જુઓ એટલે ખ્યાલ આવી જશે. સ્ટોપનું જે બોર્ડ મુકવામાં આવે છે એ ઇમ્પીરીયલ હોટેલ પાસેથી હટાવી લેવામાં આવ્યું હતું અને ફરી મુકવામાં આવ્યું છે. બીજી તરસ્વીરમાં જયાં ફુટપાથ ખાલી કરવામાં આવે છે ત્યાં કાર્યવાહીના બિજા જ દિવસે નવેસરથી દબાણ ઉભુ થઇ જાય છે. જો મનપાની કામગીરી આવી રીતે થશે અને જો ગંભીરતા નહીં જળવાય તો લક્ષ્યાંક કદી પુરૂ નહીં થાય. અધિકારીઓ પાસેથી પદાધિકારીઓએ રોજીંદો હિસાબ લેવો જોઇએ.(૨.૧૧)



## રાજકોટનાં માર્ગો પર રખડુ શ્વાનનું સામ્રાજય, કરડવાની ૩૭૧૬ ઘટનાઓ

### શ્વાન કરડવાની સૌથી વધુ ઘટનાઓ પ્રણામી ચોક, રામપાર્ક, નારાયણનગર, આંબેડકર, નાનામવા, નંદનવન પાર્ક વગેરે વિસ્તારોમાં નોંધાઈ

**જાન્યુઆરીથી નવેમ્બર સુધીમાં શ્વાન કરડવાના કુલ ૩૮૯૯ કિસ્સા નોંધાતા હલચલઃ મનપા પાસે ઉપલબ્ધ ડોગ બાઈટના ઈન્જેકશનમાંથી ૨૫૭૨૧ ડોઝનો વપરાશ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

રાજકોટ શહેરમાં શેરી-ગલ્લીઓ અને માર્ગો પર રઝળતા શ્વાનનાં કરડવાના બનાવો એકદમ વધી ગયા હોવાથી રખડું શ્વાનની ટોળકીઓએ જાણેકે શહેરને બાનમાં લીધું હોય એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. રાજકોટ મનપા આરોગ્ય શાખાએ આપેલા આંકડા મુજબ વર્તમાન વર્ષમાં જાન્યુઆરીથી નવેમ્બર સુધીનાં માત્ર ૧૧ માસના ગાળામાં શ્વાન કરડવાની ૩૭૧૬ જેટલી ઘટનાઓ મનપાનાં ચોપડે નોંધાઈ છે. આથી ડોગબાઈટ માટેનાં ખાસ ઈન્જેકશનનો મોટા પાયે વપરાશ કરવો પડ્યો છે. એપ્રિલ ૨૦૨૦ થી માર્ચ ૨૦૨૧ સુધીમાં ડોગબાઈટનાં સૌથી વધુ એટલે કે ૩૮૯૯ કિસ્સા નોંધાયા હતા. આ વર્ષે પણ પરિસ્થિતિ એટલી જ ગંભીર રહી છે અને રખડું શ્વાન શહેરીજનો માટે દિવસે-દિવસેમાથાનો દુઃખાવો બની રહ્યા છે.

મનપાની યાદી અનુસાર ચાલુ વર્ષે ૧૧ માસમાં શ્વાન કરડવાની સૌથી વધુ ઘટનાઓ જોઈએ તો નાનામવા માં ૪૨૭, નંદનવનમાં ૩૧૫, પ્રણામી ચોકમાં ૩૧૦, રામપાર્કમાં ૩૦૪, મવડી ૩૨૨, આંબેડકરનગરમાં ૧૯૬, આઈએમએ વિસ્તારમાં ૧૮૦, શ્યામનગરમાં ૨૫૬, નારાયણનગરમાં ૧૫૭, કબીરવન વિસ્તારમાં ૧૧૮, કોઠારીયા વિસ્તારમાં ૨૨૪, ભગવતીપરામાં ૮૯, હુડકોમાં ૯૯, જંકશન પ્લોટમાં ૧૭૫, સદર બજારમાં ૯૫, વિજય પ્લોટમાં ૭૯ અને રામનાથપરામાં ૪૬ કિસ્સાઓ ડોગબાઈટનાં નોંધાયા છે. લગભગ તમામ વિસ્તારોમાં અવારનવાર આવી ઘટનાઓ બની રહી છે. જેનાથી જે તે વિસ્તારનાં કાયમી રહેવાસીઓ, વાહન ચાલકો અને રાહદારીઓ ત્રાહિમામ પોકારી ગયા છે.

હાલ મહાનગરપાલિકા પાસે ડોગબાઈટનાં ઈલાજનાં ઈન્જેકશનનો ૧૭૧૨૮ જેટલો જથ્થો ઉપલબ્ધ છે. અત્યાર સુધીમાં ઈન્જેકશનનાં ૨૫૭૨૧ ડોઝનો વપરાશ થઇ ગયો છે. રાજ્ય સરકારે મનપાને ઈન્જેકશન ફાળવ્યા છે.

રાજકોટ શહેરમાં રખડું શ્વાનનાં વધતા જતા આતંકથી નાગરિકોને ઉગારવા માટે મનપાએ તાત્કાલિક ધોરણે યોગ્ય ઉપાયો કરવાની જરૂર છે. રાજકોટ શહેરમાં અત્યારે ગમે તે કારણોસર શ્વાન પકડવાની ઝુંબેશની કામગીરી શૂન્ય સ્તરે આવી ગઈ છે તેવું લોકોનું કહેવું છે. રહેણાંક વિસ્તારોમાં વધતી જતી ડોગબાઈટની ઘટનાઓ ચિંતાપ્રરક એટલા માટે વધુ છે કે રહેણાંક વિસ્તારોમાં, શેરી-ગલ્લીઓમાં, સોસાયટીની બહાર, રસ્તા પર નાના-નાના બાળકો સવાર સાંજ રમતા હોય છે. હિંસક બનેલા શ્વાનની ટોળકીઓ જો આવા બાળકોને કરડી ખાઈ તો ગંભીર ઘટના બનવાની ભીતિ રહે છે. માર્ગો અને શેરી-ગલ્લીઓમાંથી ચાલીને પસાર થતા સિનીયર સિટીઝન ઉપર પર સતત ભય ઝળુંબતો રહે છે. રાજકોટમાં કોણ જાણે કેમ શ્વાન પકડવાની ઝુંબેશશરૂ થાય છે તો પણ અચાનક અટકાવી દેવામાં આવે છે. જીવતા જાગતા માનવીને બદલે શ્વાન જેવા જનાવરની વધુ ચિંતા જેમને સતાવતી હોય છે એવા કહેવાતા જીવદયા પ્રેમી સંગઠનો આવી કાર્યવાહીને અટકાવી દેતા હોય છે. એ જાણવા મળે છે. પરિણામે હજારો શહેરીજનો પર ગંભીર શ્વાન એટેકનો ખતરો યથાવત રહ્યો છે. મનપા યુધ્ધનાં ધોરણે પગલા લે અને જીવદયાનાં નાટકવેળા કરતા સંગઠનોની વાત ન માને એ શહેરીજનો માટે હિતકારક રહેશે.(૨.૧૨)

## સૌરાષ્ટ્ર-ગુજરાતમાં અમૂક શહેરોમાં માવઠાની શક્યતા

### ડિસેમ્બર અને જાન્યુઆરીમાં કાતિલ ઠંડીનું મોજું આવવાની શક્યતાઃ ઉત્તર ભારતમાં ભારે વર્ષાને પગલે આગામી દિવસોમાં તાપમાન ઘટશે



રાજકોટ, તા.૨૬

આગામી પાંચ દિવસ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ભારે ઠંડી પડવાની શક્યતા નથી પણ અમૂક શહેરોમાં કમૌસમી વરસાદ થવાની હવામાન ખાતાએ આગાહી કરી છે. કચ્છ, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રમાં લઘુતમ તાપમાન ૪ ડિગ્રી જેટલું ઘટી જવાની સંભાવના હોવાથી ઠંડી વધશે. જો કે ડિસેમ્બર અને જાન્યુઆરી એ બે મહિનામાં ઠંડીનું કાતિલ મોજું ફરી વળવાની આગાહી થઇ છે.

ગાંધીનગર જિલ્લામાં પહેલી વખત લઘુતમ તાપમાનમાં ૭ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો છે. આજે લઘુતમ તાપમાન ૧૨ ડિગ્રી નોંધાયો હતો. ઠંડી વધી જતા વૃધ્ધો અને બાળકો વધુ પ્રભાવિત થયા છે. દર્દીઓને પણ વધુ અસર થઇ છે. અત્યારે લગભગ આખા રાજ્યમાં ગુલાબી ઠંડી અને ગરમીનું મિશ્ર વાતાવરણ જોવા મળી રહ્યું છે. અમદાવાદમાં આજે ગાંઢ ધુમ્મસ છવાયેલું હતું.

હવામાન ખાતાએ ડિસેમ્બર મહિનામાં ફરી માવઠાની આગાહી કરી છે અને સાથે-સાથે ઠંડીનાં આકરા મોજાની પણ ચેતવણી આપી છે. ડિસેમ્બરની મધ્યથી ગાત્રો ગાળતી ઠંડી શરૂ થઇ જવાની સંભાવના છે. એટલે એ દિવસે બાળકો અને વૃધ્ધોનો અને ખાસ કરીને દર્દીઓનું ધ્યાન રાખવાની તથા કાળજી લેવાની આરોગ્ય ખાતાએ તાકીદ કરી છે. માવઠાથી ખેડૂતોને ખૂબ જ માર પડ્યો છે. એટલે રાજ્ય સરકાર વળતર ચુકવવાની પણ તૈયારી કરી રહી છે.(૨.૧૨)

## રાજકોટ મહાનગરપાલિકાની આવાસની આવક રૂ. ૧૦૦ કરોડને પાર

### અલગ અલગ આવાસ યોજનાઓના હપ્તા પેટે એક જ માસમાં રૂ.૧૦ કરોડની આવક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ યોજનાઓ અંતર્ગત આજ દિન સુધીમાં ૩૧,૦૦૦ થી વધારે આવાસ બનાવીને લાભાર્થીઓને ફાળવવામાં આવેલ છે. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્માર્ટ ઘર, મુખ્યમંત્રી આવાસ યોજના, BSUP - 1,2,3, રાજીવ આવાસ યોજના, ગુરુજીનગર, ધરમનગર, ૩૦૧૨, હુડકો, વામ્બે અને સફાઈ કામદાર આવાસ યોજનાઓનો સમાવેસ થાય છે.


આવાસ યોજના વિભાગ દ્વારા ગત તા.૧/૧૧ થી તા.૨૫/૧૧ સુધીમાં રૂ.૧૦,૮૧,૩૮,૫૫૪ ની આવક કરેલી છે. તા.૨૩/૬/૨૦૨૧ થી તા.૨૫/૧૧ સુધીમાં રૂ.૬૯,૫૨, ૭૫,૫૪૫ ની વસુલાત આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ છે. તા.૧/૪/૨૦૨૧ થી તા. ૨૫/૧૧ સુધીમાં આવાસ યોજના વિભાગ દ્વારા રૂ.૧૦૦,૧૫,૮૨,૨૬૯ ની વસુલાત આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ છે. જયારે પાછલા આખા વર્ષ દરમ્યાન કુલ ૮૧ કરોડ ની વસુલાત આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ.


સોનલ કેટરર્સ

શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.

૬ રોટલી, દાળ-ભાત, શાક, છાશ, સલાડ

સંપર્કઃ મો.૯૮૨૪૮ ૦૦૨૫૯, ૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૯૯૮૬ ૧૧૧૭૮



લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.

સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.



SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.